

SWARGA ROHAN
ROAD, AMBAJI,
(GUJ.)

# અધ્યાત્મ

વર્ષ-૨ અંક-૧ ઑક્ટોબર-'૮૦

## ક્ષમા કરશો

'અધ્યાત્મ'નો પહેલા વર્ષનો બારમો અંક (સપ્ટે. ૮૦ નો અંક) પ્રેસવાળાને છાપવાની મુશ્કેલી હોવાથી એક અઠવાડિયું મોડો મળ્યો. એથી ગ્રાહકોને તે નક્કી કરેલ તારીખે રવાના ના થઈ શક્યો. તે બદલ ક્ષમા કરશો.


સપ્ટે. ૮૦ના અંકમાં પ્રસિદ્ધ થયેલ કેટલાંક લખાણોના લેખકોના નામ પ્રસિદ્ધ કરવાના રહી ગયાં છે. તે આ પ્રમાણે છેઃ ગાંઠ (કાવ્ય) લેખક પ્રા. ડૉ. રણજીતભાઇ પટેલ (અનામી), આરતી (ગીત) લેખિકા પૂ. શ્રી સર્વેશ્વરી. અજબ નિઃસ્પૃહી જલારામબાપા શ્રી સૌભાગ્યચંદ્રભાઇ રાજદેવ, શ્રી ઇશાવાસ્યોપનિષદ શ્રી ઈશ્વરભાઇ પટેલ.

## લવાજમ મોકલાવો

" આપનું લવાજમ સપ્ટેમ્બર ૮૦માં પૂરું થયું છે. તંત્રીને તે આજે જ મનીઑર્ડરથી મોકલાવો. "

"'અધ્યાત્મ' નું એક વર્ષ પૂરું થયું છે ને હવે તે બીજા વર્ષમાં પ્રવેશ કરે છે. ગ્રાહકોનું લવાજમ સપ્ટે. ૮૦માં પૂરું થયું છે, તેઓ પોતાનું લવાજમ તંત્રીના સરનામે તાત્કાલિક મોકલાવવાની વ્યવસ્થા કરે અથવા તો અમદાવાદ વડોદરા, સુરત, મુંબઇ, રાજકોટ, મોરબી, વગેરે શહેરોમાં 'અધ્યાત્મ' નું લવાજમ એકત્રિત કરતાં કેન્દ્રોનો સંપર્ક સાધવા ને તેઓને લવાજમ ભરવા વિનંતી છે.

( કેન્દ્રોના સરનામાં ટાઇટલ–૩ ઉપર આપ્યાં છે. )



# 'અંતરના આશીષ'

હોસ્પીટલમાં તા. ૨૬ સપ્ટે. ૮૦ના રોજ ઓપરેશન પછી પૂ. માતાજીની માંદગી ગંભીર બની. હવે તેઓ પથારીમાંથી જરા બેસી શકતાં નહિ. એટલે ઝાડો, પેશાબ વગેરે પથારીમાં જ કરાવવું પડતું. પૂ. મહાત્માજી તેમજ પૂ. સર્વેશ્વરી રાત-દિવસના ઉજાગરા કરી એ કરાવતાં. કોઈ કંટાળો નહિ; કે કોઈ થાક નહિ. ગમે ત્યારે જુઓ હસતા મુખે એ સેવા ઉઠાવતાં. આવું એકધારું સવા મહિનો ચાલ્યું. ડોકટરો ને નર્સો પણ પૂ. શ્રી સર્વેશ્વરીની સેવાભાવના જોઇ આશ્ચર્ય અનુભવતા!

આના પરિણામે પૂ. શ્રી સર્વેશ્વરી તેઓથી સહેજ પણ આઘાં જતાં તો તે સહન ન કરી શકતાં. કહેતાં "મને છોડીને તું એક મિનિટપણ આઘી ન જતી." કેવો અપૂર્વ વિશ્વાસ!

વળી પૂ. સર્વેશ્વરી જ્યારે પૂ. માતાજીના પગે તેમજ માથે તેલ ઘસી દેતાં ત્યારે તેમના ખભા ઉપર પ્રેમપૂર્વક પોતાનો હાથ મૂકી પૂ. માતાજી વ્હાલ વરસાવતાં. એ દશ્ય જોનારાઓ માટે વિરલ બની રહેતું.

પોતાની સારવાર વિષે સંતોષ વ્યકત કરી એ કહેતાં "સરોજ (શ્રી સર્વેશ્વરી) જેવી ચાકરી પેટની દીકરી પણ ના કરી શકે."

પોતાના ભાઈ તેમજ દીકરીને મૃત્યુ પહેલાના થોડા દિવસ અગાઉ તેમણે કહ્યું "મહાત્માજી મારી પાસે છે, એટલે હવે મને મરણનો શોક નથી કે જીવનનો કોઈ મોહ નથી. સંસારમાં કોઇ કોઈનું નથી. એ બન્નેએ મારી પ્રેમપૂર્વક સારવાર કરી છે. એણે મારું મેલું ઉઝર્યું છે. પ્રભુ એને ખૂબ સુખી કરે."

આ હતા એમના અંતિમ ઉદ્ગારો ને અંતરના આશીષ!


ઈશ્વરની શક્તિ એ મહાન પાવર હાઉસ સમાન છે. જ્યાં સુધી વ્યક્તિ તેની સાધના દ્વારા પોતાનું દોરડું તેની સાથે જોડતો નથી, ત્યાં સુધી ઈશ્વરની અસીમ શક્તિનો તે લાભ મેળવી શકતો નથી.

—શ્રી યોગેશ્વરજી

with best compliments from

K. E. C.

Leaders In High Tension Power Transmission

- Civil Engineering
- Railway Electrification

*Kamani Engineering Corporation Ltd.*
Kamani Chambers, 32, Ramjibhai Kamani Marg,
Ballard Estate, Bombay-400 038

" ન્યુલાઈફ "ની દવાઓથી રોગ ને બીમારીમાંથી મુક્તિ મળે છે. ઈશ્વરભક્તિ અને યોગથી તનની સાથે મનના રોગ પણ મટે છે. ભવના ફેરા ટળે છે.

**NULIFE**

**Pharmaceuticals**

410, Parekh Market, Opera House,
Bombay–4

203 Pleasant Apartments
15th Lane, Prabhat Road,
Poona–4


# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૨, અંક : ૧, છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦, વિદેશમાં રૂા. ૧૦૦–૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :**
**પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ–૮

**તંત્રી–સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઈ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઈ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર–૩૬૪૦૦૧


## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| વિદ્યા | ૫ | શ્રી યોગેશ્વરજી |
| શ્રી રામકૃષ્ણ પરમહંસના સેવા પરાયણ ભકત શ્રી બલરામ બોઝ | ૭ | શ્રી નારાયણ હ. જાની |
| સ્તવનનું સામર્થ્ય | ૧૨ | શ્રી કેદારનાથ |
| કબીર સુધા | ૧૭ | શ્રી ઈશ્વરભાઈ પટેલ |
| અધ્યાત્મને સમાજ વ્યવહાર | ૨૩ | શ્રી અમૃતલાલ યાજ્ઞિક |
| ભ્રૂમધ્ય દૃષ્ટિ | ૨૭ | શ્રી મણિભાઇ શાહ |
| પ્રકાશના પંથે | ૩૦ | શ્રી યોગેશ્વરજી |
| આરતીની આશકા | ૩૭ | શ્રી પ્રભાવતીબેન પંજવાણી |
| મોંઘુ જીવન ચાલે છે | ૩૮ | શ્રી યોગેશ્વરજી |
| નંદજીના નંદલાલા | ૩૯ | શ્રી કમળાબેન ઠક્કર |
| વંદન હજારો વાર | ૪૦ | શ્રી સર્વેશ્વરી |
| પ્રશ્નોત્તરી | ૪૧ | શ્રી યોગેશ્વરજી |
| **कर्मणा व्याधयः केचिद्** | ૪૨ | ડૉ. ઉમાકાન્ત જોષી |
| શ્રી સર્વેશ્વરી | ૪૩ | શ્રી ભાઈલાલભાઈ છાટબાર |
| જલારામબાપા વિમાનમાં જાય છે | ૪૪ | શ્રી સૌભાગ્યચંદ રાજદેવ |
| ભક્તિયોગ | ૪૫ | શ્રી યોગેશ્વરજી |
| શ્રદ્ધાંજલિ | ૪૬ | શ્રી તંત્રી |


# વિદ્યા

**શ્રી યોગેશ્વરજી**

વિદ્યા શેને માટે છે? એનું પ્રયોજન અથવા ધ્યેય શું છે? આદ્ય શંકરાચાર્યે એ વિશે પોતાના વિચારોને વ્યક્ત કરતાં કહ્યું છે કે **विद्या फलं स्यात् असतो निवृत्तिः।** વિદ્યા અસત્યમાંથી મુક્તિ આપે છે કે નિવૃત્ત કરે છે. સંસારમાં પરમસત્ય એક પરમાત્મા જ છે. પરમાત્મા અજન્મા, અવિકારી, અજર, અમર અથવા અવિનાશી છે. એમના સિવાયના સંસારના સઘળા પદાર્થો પરિવર્તનશીલ અને અનિત્ય છે. પ્રકૃતિ પરિવર્તનશાલિની અને પરમાત્મા અપરિવર્તનશીલ છે. એ પરિવર્તનશીલા પ્રકૃતિના પરિવર્તનશીલ પદાર્થોપ્રીતિ અથવા આસક્તિનો અંત આણવો અને પરમાત્માને જાણી એમની અંદર પ્રતિષ્ઠિત બનવું એ વિદ્યાનો એકમાત્ર અગત્યનો આદર્શ છે. એને માટે અસત્ય છળકપટ અને અનાત્મ પદાર્થોની પ્રીતિનો પરિત્યાગ કરવો જોઈએ.

વિદ્યા મેળવી હોય પરંતુ માનવી સત્યપરાયણ અને સદાચારી ના બન્યો હોય તો તેવી વિદ્યા શું કામની? જે વિદ્યા કે જ્ઞાનથી માનવ અહંકારી, ઉદ્દંડ, અનાચારી કે ઘમંડી બને ને વિલાસી થાય તે વિદ્યા જીવનનું શ્રેય સાધી શકે નહીં. વિદ્યા કે જ્ઞાનની મદદથી મન અને ઇન્દ્રિયોના સંયમની સિદ્ધિ સાધવાની પ્રેરણા તથા શક્તિ સાંપડવી જોઈએ. શ્રી આદ્યશંકરાચાર્યે કહ્યું છે કે **तज्ज्ञानं प्रशमकरं यदिन्द्रियाणां, तज्ज्ञेयं यदुपनिषत्सु निश्चितार्थम्।** જ્ઞાન ઇન્દ્રિયોનો સંયમ શીખવે છે, મનનો કાબુ કરવાની કળાનું કૌશલ બક્ષે છે, અને પરમશાંતિથી સંપન્ન બનાવીને જીવનને કૃતાર્થ કરે છે. વેદ તથા ઉપનિષદાદિ ધર્મગ્રંથોએ જે પરમાત્મતત્ત્વનું સંશયવિપર્યયરહિત નિશ્ચયાત્મક સ્વાનુભવપૂર્વકનું પ્રતિપાદન કર્યું છે તે પરમાત્માની સાથે સંબંધ બાંધતા અને એમનો સાક્ષાત્કાર કરતાં શીખવે છે.

પેલા પ્રાચીન સુભાષિતમાં જણાવ્યું છે કે વિદ્યા વિનયી કરે છે

અને માનવને સાચા અર્થમાં માનવ બનાવે છે. **विद्या ददाति विनयं, विनया ददाति पात्रताम् ।** સુપાત્ર માનવો પુરુષાર્થી થઈને ધની અથવા સંપત્તિશાળી બને છે. ધની થઈને ધર્મનું આચરણ કરે છે, અને ધર્માચરણથી સુખને અનુભવે છે.

**पात्रत्वात् धनमाप्नोति, धनात् धर्मं ततो सुखम् ॥**

ધર્માચરણ સદા સુખ શાંતિની સૃષ્ટિ કરે છે. અને ધર્મનો ઉપયોગ ધર્મકર્મોના અનુષ્ઠાન માટે કરાવવો જોઈએ. સમાજમાં ધર્માચરણ વધે અથવા સૌ કોઇ સાચા માનવીય ધર્મસિદ્ધાંતોને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન પ્રારંભે તો સર્વત્ર સુખશાંતિ, સમૃદ્ધિ, સંવાદિતા, છવાઈ જાય. ધર્માચરણ સામાજિક સ્થિરતાનો, સંવાદિતાનો ને સંગીનતાનો પાયો છે.

વિદ્યાનો અંતિમ આદર્શ પરમાત્માનો સાક્ષાત્કાર સાધવાનો છે, તોપણ વિદ્યા ભૌતિક વિષયોની અવજ્ઞા કરે છે એવું નથી સમજવાનું, આપણે ત્યાં પ્રાચીન કાળથી મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાળીની ઉપાસના પ્રચલિત છે. મહાસરસ્વતી જ્ઞાનની અધિષ્ઠાત્રી છે. જીવનમાં એની આવશ્યકતા છે. પરંતુ જીવન મહાલક્ષ્મીની સેવાથી પણ સંપન્ન હોવું જોઈએ, લક્ષ્મીનો અનાદર સુસંસ્કૃત સમાજને માટે કલ્યાણકારક નથી બનતો. લક્ષ્મી સરસ્વતીના આસને ના વિરાજી શકે તોપણ એનું પોતાનું પણ આગવું આસન છે જ. મહાકાળી કાળની સ્વામિની છે. એની આરાધનાથી માનવ મૃત્યુંજય બનવાની સાધના કરીને આત્માનુભૂતિ દ્વારા જીવનને ધન્ય કરે છે અને સમસ્ત સંસારમાં આત્મદર્શન કરીને એકાત્માને અનુભવે છે. વિદ્યાની સાર્થકતા જીવનની એવી પરિશુદ્ધિ ને પૂર્ણતામાં સમાયલી છે. એનું ગૌરવગીત ગાતાં કહ્યું છે કે **सा विद्या या विमुक्तये ।** જે વિમુક્તિ માટે છે તે વિદ્યા છે. શેમાંથી વિમુક્તિ ? દુર્ગુણમાંથી, દુર્વ્યસનમાંથી, દુર્વિચારમાંથી, દુર્વાસનામાંથી, દુર્ભાવનામાંથી, ને દુષ્કર્મમાંથી. સમસ્ત પ્રકારની સંકીર્ણતામાંથી, આસુરી સંપત્તિમાંથી, પશુતામાંથી, ભ્રાંતિમાંથી, આસક્તિમાંથી, અવિદ્યામાંથી મુક્તિ. એવી મુક્તિને સાધીએ તો વિદ્યા સફળ થાય ને જીવન જ્યોતિર્મય બની જાય.



# શ્રી રામકૃષ્ણ પરમહંસના સેવા પરાયણ ભક્ત શ્રી બલરામ બોઝ

શ્રી નારાયણ હ. જાની

બલરામ બોઝ શ્રીમંત કુટુમ્બના નબીરા હતા, એમની ઓરિસ્સામાં જાગીર હતી અને તેઓ દયા પુણ્યનાં સારાં કામો કરવા માટે જાણીતા હતા. બાળપણથી બલરામનો મોટાભાગનો વસવાટ તીર્થસ્થાનોમાં થયો હતો. તેઓ પોતાનો ઘણો ખરો સમય ધ્યાન જપ ને એકાંતમાં ગાળતા. એમણે પોતાની કૌટુમ્બિક જાગીરનો વહીવટ પોતાના ભત્રીજાને સોંપ્યો હતો અને તેઓ પોતાની જરૂરિયાત પૂરતી માત્ર થોડી રકમ-જ તેમાંથી લેતા. તેઓ વૈષ્ણવ ધર્મ પળતા. તેઓનું લગ્ન બાબુરામ ઘોષની બહેન સાથે થયું હતું, જેઓ પાછળથી સંન્યાસ લઈ સ્વામી પ્રેમાનંદ થયા.

આ બાબુરામ ઘોષનો જન્મ ૧૮૬૧માં બંગાળની હુગલી જિલ્લાના અંતપુર ગામમાં થયો હતો. એનાં માતાપિતા પવિત્ર હતાં. પરિણામે ખૂબ બાળપણથી જ એમનામાં ધાર્મિક લક્ષણો દેખાતાં જે અદ્ભુત અગમ્ય સંજોગોએ પરમહંસ શ્રી રામકૃષ્ણદેવના ભાવિ શિષ્યો ને વિચિત્ર રીતે ભગા કરી દીધા હતા. શ્રી બાબુરામ પણ તેમાંના એક હતા. બાબુરામ જ્યારે માધ્યમિક શાળામાં કલકત્તામાં ભણતા, ત્યારે તેમની શાળામાં આચાર્ય પદે શ્રી મહેન્દ્રનાથ ગુપ્ત હતા અને બીજા વિદ્યાર્થીઓ સાથે રાખાલ બાબુ એમના વર્ગમાં સહાધ્યાયી હતા. આ રાખાલ બાબુ જ ૧૮૮૨ની પાનખરમાં બાબુરામને દક્ષિણેશ્વર સૌપ્રથમ લઈ જવામાં નિમિત્તરૂપ બન્યા હતા.

બલરામ બોઝને શ્રી. રામકૃષ્ણદેવ વિષેની સૌ પ્રથમ જાણ શ્રી. કેશવચંદ્ર સેનના છાપા દ્વારા થઈ હતી. સને ૧૮૮૨માં જ્યારે બલરામની ઉંમર લગભગ ચાલીસ જેટલી હતી, ત્યારે પોતાની સૌથી મોટી પુત્રીના લગ્ન પ્રસંગે એને કલકત્તા જવાનું થયું. આ પ્રસંગે એણે દક્ષિણેશ્વરની મુલાકાત લેવાની તક ઝડપી લીધી.

એમની હંમેશની સાદાઈ તેમજ બીન આડંબરી પદ્ધતિ પ્રમાણે તેઓ પગે ચાલીને શ્રીરામકૃષ્ણદેવ પાસે ગયા, ત્યારે શ્રી. કેશવચંદ્ર સેન અને એમના બ્રહ્મોસમાજના અનુયાયીઓ તથા અન્ય મુલાકાતીઓથી ઓરડો ભરાયેલો હતો. આથી બલરામ કોઈ પણ પ્રકારનો પરિચય આપ્યા સિવાય ઓરડાના એક ખૂણાના ભાગમાં છાનામાના બેસી ગયા. અન્તે બીજાઓ જ્યારે બહાર જવા ને ખાવા માટે ઊઠ્યા, ત્યારે શ્રી રામકૃષ્ણદેવે તેની સામે જોઈ પૂછ્યું, "તમારે મને કંઈ પૂછવું છે?

આ સાંભળી બલરામે વિનયપૂર્વક કહ્યું, "હાજી, શું ઈશ્વર ખરેખર, અસ્તિત્વ ધરાવે છે ?"

શ્રી રામકૃષ્ણે હસીને પ્રત્યુત્તર આપતાં કહ્યું, "અવશ્ય, ઈશ્વર અસ્તિત્વ ધરાવે છે. પરંતુ તે પોતાના અસ્તિત્વનું રહસ્ય એમના આગળ છતું કરે છે કે જેઓ એના ભક્ત હોય અને જેઓ એમને પોતાની સૌથી નજીકના પ્રેમી ગણતા હોય."

તો હું જ્યારે તેની આટલી બધી પ્રેમપૂર્વક પ્રાર્થના કરુ છું, છતાં મને તેનું દર્શન કેમ નથી થતું ? બલરામે સામો પ્રશ્ન કર્યો.

ત્યારે રામકૃષ્ણદેવે હસીને પૂછ્યું. "શું ઈશ્વર ખરેખર તમારા સંતાનો કરતાં પણ તમને વધુ વહાલો છે ?"



હવે બલરામે કબુલ કર્યું કે પોતાનાં સંતાનો માટેના ઉત્કટ પ્રેમના જેવી લાગણી એણે ઈશ્વર માટે કદી અનુભવી નથી

"તો ઈશ્વર તમને શું કામ દેખાય! જે અનન્ય ભાવે એનો આશ્રય લે છે, તેની આગળ જ તે પોતાનું અસ્તિત્વ છતું કરે છે. રામકૃષ્ણદેવે કહ્યું.

આ જવાબ સાંભળી જીવનમાં પહેલી જ વાર બલરામના મનનું સમાધાન થઈ ગયું. પોતાની ભક્તિમાંની ત્રુટિ એને જડી ગઈ.

આથી બીજા દિવસે પણ સવારમાં બલરામ પગે ચાલીને પાછો દક્ષિણેશ્વર આવ્યો. શ્રી રામકૃષ્ણદેવે આ જોયું અને તેઓ ખુશ થયા. ઈશ્વરાભિમુખ જીવને જોઈને સંત પુરુષોને જેવો આનંદ થાય, એવો જ આનંદ બલરામને જોઈ શ્રીરામકૃષ્ણને થયો.

તે પછીના તેઓ બન્નેના સમાગમમાં શ્રી. રામકૃષ્ણદેવ બલરામ ઉપર એ ઠસાવવા માગતા કે તેની એક વૈષ્ણવ તરીકેની કટ્ટરતા સારી નથી; તેમ જ છૂતાછૂત તથા ધાર્મિક પરંપરાઓના પાલનમાં એનું આચરણ વિવેકપૂર્વકનું બને. વળી અહિંસાના પરિપાલનની બાબતમાં તે ખૂબ કટ્ટર માન્યતા ધરાવતા એથી તો પોતાના ધ્યાન ને પૂજામાં ખલેલ કરતાં મચ્છરોને પણ કદી મારતા નહિ. એટલુંજ નહિ, પરંતુ કોઈ મારે તો તેનો પણ વિરોધ કરતા.

શ્રી રામકૃષ્ણદેવ સાથેના બેત્રણ વર્ષના સમાગમને લીધે, ધીમે ધીમે પોતાની પૂર્વ માન્યતાઓ વિષે તેઓ વિચારવા લાગ્યા. હવે એમને થવા માંડ્યું કે ધ્યાન કરતાં ઈશ્વરમાં

ચિત્ત જોડાયેલું રહે એ ખૂબ મહત્વનું છે. પરંતુ મચ્છરોના કરડવાથી ચિત્તમાં વિક્ષેપ થતો રહે તો પછી ધ્યાન થાય જ શી રીતે? આથી આ પ્રશ્ન બાબતમાં શું કરવું તેનું માર્ગ દર્શન શ્રી. રામકૃષ્ણદેવ પાસેથી મેળવવાનો એમણે નિર્ણય કર્યો.

દક્ષિણેશ્વર જતાં માર્ગમાં બલરામનો પોતાના મન સાથેનો વાર્તાલાપ ચાલુ રહ્યો, તેણે પોતાની સ્મૃતિને ચકાસતાં જણાયું કે તેણે શ્રી રામકૃષ્ણદેવને કદી મચ્છરને પણ મારતાં જોયા ન હતા. આથી ઊલટું, અત્યારસુધીમાં એણે જોયેલા કોઈપણ પુરુષ કરતાં બીજાઓનાં દુઃખદર્દ અંગે શ્રી રામકૃષ્ણદેવ ખૂબ સંવેદનશીલ હતા. હવે તેને એક પ્રસંગ યાદ આવ્યો કે જ્યારે તે અને શ્રી રામકૃષ્ણ એક માણસને નવા ઊગેલા કુમળા ઘાસ ઉપરથી પગ મૂકી ચાલી જતો જોઈ રહ્યા હતા. એ જોતાં જ તેઓ વ્યથાથી ચીસ પાડી ઊઠ્યા અને બોલી ઊઠ્યા કે એ માણસના કુમળા ઘાસ ઉપરના પગલાં જાણે મારા પોતાના હૃદય ઉપર જ પડતાં હોય એવી પીડા હું અનુભવું છું. આ યાદ આવતાં જ બલરામને લાગ્યું કે જાણે એના પ્રશ્નનો જવાબ એને મળી ગયો! હવે મારે તે વિષે શ્રી રામકૃષ્ણદેવને કંઈ પૂછવાની જરૂર નથી. મને ખાત્રી છે કે તેઓ મને સંપૂર્ણ અહિંસાનું પાલન કરવાનું જ કહેશે. છતાં શ્રી રામકૃષ્ણને મળવાનો તેણે નિર્ણય કર્યો.

પરંતુ જ્યારે તે રામકૃષ્ણદેવ પાસે આવ્યો તો તેના ભારે આશ્ચર્ય વચ્ચે એણે જોયું કે રામકૃષ્ણદેવ ખાટલામાનાં માંકણ મારી રહ્યા હતા. બલરામે જેવા તેમની પાસે આવી પ્રણામ કર્યાં કે શ્રી રામકૃષ્ણદેવે સહજભાવે કહ્યું "આ બધા ઓસીકામાં પેદા થયા છે. તે રાત અને દિવસ મને કરડ્યા કરે



છે ને સૂવા પણ દેતા નથી. એથી હું એમને મારી રહ્યો છું" આ રીતે જાણે બલરામને એના પ્રશ્નનો ઉત્તર આપી દીધો. બલરામને ખાત્રી થઈ ગઈ કે ગમે તેમ પણ શ્રી રામકૃષ્ણે એના ભલા માટે માંકણનો નાશ દેખીતી રીતે કર્યો હતો. બલરામને તર્ક થયો કે જો 'ગુરુદેવ' જંતુઓને મારવાની ટેવવાળા હોત તો, તેણે આ અગાઉ ગમે ત્યારે પણ એમને એમ કરતાં જોઈ લીધા હોત, કારણ કે તે દિવસના ગમે તે સમયે, પૂર્વ જાણ કર્યા સિવાય આવતો. જ્યાં સુધી ગુરુમાંના પરિપૂર્ણ વિશ્વાસને લીધે હું આ પ્રકારની શિખામણ ધારણ કરવા યોગ્ય બન્યો નહોતો, ત્યાં સુધી ગુરુદેવે આ મુલત્વી રાખ્યું હોવું જોઈએ, એમ તેને લાગ્યું.

શ્રી બલરામની શ્રીરામકૃષ્ણદેવ સાથેની પ્રથમ મુલાકાત પછી થોડા વખતમાં એના ભત્રીજાએ કલકત્તાના બાગબજાર જિલ્લામાં એને માટે એક મકાન ખરીદ્યું. આ મકાન ખરીદવા પાછળનો એના કુટુમ્બનો આશય એ હતો કે બલરામ જગન્નાથપુરીમાં કેટલોક સમય ગાળતા, તેને બદલે અહીં રહેતા થાય. બલરામના પિતાજી અને એના ભત્રીજાની દૃષ્ટિએ, પૂરી એ તીર્થધામ હોવાથી, બલરામ જો ત્યાં વધુ વખત રહેતો થાય, તો કદાચ સંસારનો અને તેના પત્ની બાળકોનો ત્યાગ પણ કરી દે ને એ રીતે પુત્રીનો વસવાટ જોખમકારક પૂરવાર થાય. પ્રારંભમાં ગમતું ન હોવા છતાં ને પૂરી જવાની ઇચ્છા થયા કરતી છતાં, બલર મ કલકત્તામાં રહેવા સંમત થયા. પરંતુ વખત જતાં, શ્રી રામકૃષ્ણદેવ પ્રત્યેનો એનો ભક્તિભાવ વધતાં, આ નવું ઘર એને આનંદદાયક લાગવા માંડ્યું. એને લીધે તો એ જ્યારે પણ ઇચ્છા થાય ત્યારે દક્ષિણેશ્વરની મુલાકાત સરળતાથી લઈ શકતો અને સવિશેષ તો શ્રી રામકૃષ્ણદેવની

(અનુસંધાન પાનું ૫૨)

# સ્તવનનું સામર્થ્ય

**શ્રી કેદારનાથ**

આપણી ઉન્નતિ માટે કોઈ પણ બાહ્ય ધાર્મિક આડંબર કે કર્મકાંડની જરૂર નથી, કેવળ અંતરની ઝંખનાની જરૂર છે. જેનામાં અંતરની ઝંખના હોય તેને પોતાની ઉન્નતિનો માર્ગ જડી જાય છે, અને જેનામાં દૃઢતા અને નિગ્રહશક્તિ હોય તો તે માર્ગે જવાનું સામર્થ્ય પણ તેને પ્રાપ્ત થાય છે. ઉન્નતિના માર્ગમાં પોતાનાજ અયોગ્ય સંસ્કારો અને ટેવોને બદલવા-વાનીજ પહેલી મુશ્કેલી હોય છે. એ સંસ્કારો અને ટેવો બદલ્યા વગર આપણે આગળ વધી ન શકીએ. આપણી ઇન્દ્રિયો ને પડેલી ટેવો અને મન પર પડેલા સંસ્કારોથી આપણે બદ્ધ છીએ. તેમનો કાબુ આપણા પર રહે છે. શ્રેયાર્થી માણસે પોતાની અયોગ્ય ટેવો અને સંસ્કારોમાંથી પોતાનો છુટકારો કરી લેવો જોઇએ. તે માટે પોતાનામાં સામર્થ્ય પેદા કરવું જોઈએ. તે સામર્થ્ય ધ્યેય વિષેની આપણી તાલાવેલી અને નિગ્રહવૃત્તિમાંથી પ્રાપ્ત થાય છે. આ પ્રયત્નમાં આપણી જૂની અને નવી મનોવૃત્તિઓનો કેટલોક વખત ઝઘડો ચાલ્યા કરે છે. આપણી પહેલી મનોવૃત્તિઓ લાંબા વખતથી ચાલતા આવેલા તેના તે સંસ્કારો, ટેવો અને કૃતિઓને લીધે આપણો સ્વભાવ બની ગયેલો હોય છે. નવી મનોવૃત્તિઓ વડે અને ખાસ કરીને પોતાના નિગ્રહથી આપણે તેમનો નાશ કરવાનો હોય છે. પહેલાની અયોગ્ય વૃત્તિઓમાં ટેવને લીધે બળ આવેલું હોય છે, જ્યારે નવી શુભ વૃત્તિઓમાં નિશ્ચયનું બળ હોય છે. પવિત્ર સંકલ્પની અને તેને લીધે નિર્માણ થયેલા આત્મવિશ્વાસની મદદ હોય છે. આવી જાતની પરસ્પર વિરોધી



વૃત્તિઓની આપણા ચિત્તમાં ચાલતી ખેંચતાણ આપણે સહન કરવી પડે છે. આપણો નિશ્ચય, આપણો સંકલ્પ દૃઢ હોય, પૂરતી નિગ્રહ શક્તિ આપણામાં હોય, તો આપણી શુભ વૃત્તિ-ઓનો છેવટ વિજય થાય છે અને આપણે પોતાના માર્ગમાં આગળ વધીએ છીએ. આપણાં ચિત્તમાં ઉન્નતિ માટે તાલા-વેલી હોય તો આપણને અનેક વખત આવી જાતનાં પોતાના-જ ચિત્તનાં ઝઘડાઓ સહન કરવા પડશે. પરંતુ તેથી ન કંટા-ળતા તેમજ નિરાશ ન થતાં આપણે પોતાની ઉન્નતિને રસ્તે આગળ ને આગળ ચાલ્યા કરવું જોઈએ.

## ઇશ્વરનિષ્ઠા સંકલ્પ અને સાધનનું સામર્થ્ય :

અંતરની ઉત્કટ ઇચ્છા, સંકલ્પ આપણને આ માર્ગમાં હંમેશ સહાય કરતો રહેશે. એ ઇચ્છા અને એ સંકલ્પને આપણે કદી મંદ થવા દેવા ન જોઈએ. વાચન, મનન, સજ્જનો-નો સંગ, ઉચિત અને ધર્મ્ય વ્યવસાય વગેરેની મદદથી આપણે આપણા સંકલ્પને સદૈવ જાગ્રત અને દૃઢ રાખવો જોઈએ. તે સંકલ્પને બળે આપણા માર્ગમાં આપણે સિદ્ધિ પ્રાપ્ત કરવાની છે. તે સંકલ્પમાં બળ આવે તે માટે ઇશ્વર-નિષ્ઠાની આપણને જરૂર છે. એ નિષ્ઠામાં અપાર સામર્થ્ય છે. સાધન વગર નિષ્ઠા વધતી નથી. નિષ્ઠા વગર સંકલ્પમાં બળ આવતું નથી. તેથી આપણને કોઇ સાધનનું આલંબન લેવું પડે છે. તે સાધન એવું હોવું જોઈએ કે તેથી આપણી નિષ્ઠા દૃઢ થાય, આપણો સંકલ્પ એકવિધ થાય, તે શુદ્ધ અને દૃઢ થાય અને તેમાં તીવ્રતા ને તેજસ્વિતા આવે. એટલું હોવા ઉપરાંત તે સાધન સ્વાધીન હોવું જોઈએ, તેમાં કોઈ પણ પ્રકારના કર્મકાંડનો આડંબર ન હોવો જોઈએ. તે સાધનમાં એવો પ્રભાવ હોવો જોઈએ કે તેથી આપણા હૃદયમાં ભાવ-

ભક્તિનાં પૂર વહેવા લાગે, ચિત્ત નિર્મળ થવા લાગે. તેમાં ઇશ્વરનિષ્ઠા સહેજે વૃદ્ધિગત થાય અને તે વધતા વધતા આપણા શરીરનાં અણુ અણુમાં વ્યાપી રહે. આવી રીતે આપણે મૂર્તિમંત નિષ્ઠારૂપ બની જઈએ. આ વસ્તુ જો આપણે સાધી શકીએ તો આપણી ઉન્નતિ થતા ઝાઝી વાર નહીં લાગે. કારણ કે તેને લીધે ચિત્તમાં નિર્માણ થનારા દૃઢ અને તીવ્ર શુભ સંકલ્પથી આપણાં અયોગ્ય સંસ્કારોનું બળઝપાટાથી ક્ષીણ થતું જશે. અને થોડા જ વખતમાં તે બધા સંસ્કારો નાશ પામશે અને આપણી ઉન્નતિનો માર્ગ સુલભ અને સરળ થશે.

## સ્વાધીન સાધન અને ઇશ્વરસ્તવન :

આને માટે સૌથી પ્રભાવશાળી અને સ્વાધીન સાધન ઈશ્વરસ્તવન છે. જે આપણને રૂચે અને જેને પરિણામે આપણામાં સદ્‌ભાવો જાગૃત થાય અને આપણા શરીરમાં હળવે હળવે સંચરવા લાગે એવાપ્રકારનું સ્તવન આપનેસાધન તરીકે પસંદ કરવું જોઈએ એ સ્તવન કે સ્તોત્ર આપણે રોજ સ્નાન વગેરે કરીને પવિત્ર થઈને એકાંતમાં શાંત અને પ્રસન્ન સમયે, અંતર્મુખ થઈને શાંતિથી અને સ્થિરપણે તેનાં પ્રત્યેક શબ્દનું, તેના ભાવનું આપણા ચિત્ત પર ઉંડુ પરિણામ થાય એવી રીતે અને કેવળ પોતાને જ જાણ થાય એવી પદ્ધતિથી નિયમિતપણે બોલવાનું રાખવું. તે બોલતા હોઇએ તેના દરેક શબ્દથી આપણા ચિત્ત પર શુભ, પવિત્ર ને ગંભીર લહેરો ઉઠવી જોઈએ. પ્રેમ જાગ્રત થવો જોઇએ. હૃદય સાત્વિક ભાવોથી ભરાઇ જવું જોઈએ. તે તે ભાવો હૃદયમાં ઉંડે સુધી પહોંચવા જોઈએ. કોમળતા ને દૃઢતા, પ્રસન્નતા ને તેજસ્વિતા હૃદયમાં વ્યાપી જવી જોઇએ કોઇપણ પ્રસંગે, કોઇપણ કારણથી તે પડી ન ભાંગે કે ચલિત ન થાય એવી દૃઢ અને અભંગ બની જવી જોઈએ. અને આ



બધું પરિણામ આપણે સ્તવન કરતા હોઈએ તે વખતે થાય છે એવો અનુભવ આપણને થવો જોઈએ. સ્તવનની શરૂઆતની આપણા ચિત્તની સ્થિતિ સ્તવનને અંતે ઉપર જણાવ્યા પ્રમાણે બદલાઈ ગઈ છે એવો અનુભવ આપણને થવો જોઇએ આવી જાતનું સામર્થ્ય સ્તવનની પદ્ધતિમાંથી આપણને નિર્માણ કરતાં આવડવું જોઈએ. સ્તવનમાં જે ઈશ્વરીગુણોનું આપણે વર્ણન કરીએ, જે પ્રશંસા આપણે કરીએ, જે ગુણોનાં સ્તોત્ર આપણે ગાઈએ તે ગુણો, તે ભાવો, સ્તવન કરતા કરતાં આપણામાં સંચરવા લાગવા જોઈએ. આપણા પ્રેમ, ભક્તિ, ભાવના ને નિષ્ઠાથી આપણે ઈશ્વર વિષયક કલ્પના સાથે, ગુણો સાથે તન્મય થઈએ, સમરસ થઇએ તો તેજ ગુણો આપણામાં પ્રગટ થયા વગર રહેશે નહીં. આવી સ્થિતિમાં દુર્બળતા અને દીનતા, દુષ્ટતાને હીનતા, જડતાને કૃપણતા, અશુદ્ધતાને લંપટતા, કુટેવો અને કુસંસ્કારોને આપણા હૃદયમાં જગા રહેશે નહીં. એ બધાંનો સમૂળ નાશ થશે.

સ્તવનમાં આવી દિવ્ય શક્તિ છે. પણ તેમાં એ દિવ્ય શક્તિ લાવવાનો આધાર આપણી અંતરની તીવ્ર ઇચ્છા પર હોય છે. આપણી તીવ્ર ઇચ્છા સ્તવનમાં શક્તિ લાવશે. સ્તવનથી નિષ્ઠામાં બળ આવશે. નિષ્ઠા સંકલ્પને દૃઢ અને પ્રભાવી બનાવશે. આપણી તીવ્ર ઇચ્છા એજ આપણો સંકલ્પ, એ સંકલ્પ, સ્તવન અને નિષ્ઠા બધા એકબીજાનાં પોષક અને બળ વધારનારા છે. તેમને એકબીજાથી જુદા પાડી શકાય નહીં. સંકલ્પનો પ્રભાવ સ્તવન પર, સ્તવનનો નિષ્ઠાપર અને નિષ્ઠાનો ફરી સંકલ્પ પર આવી રીતે સામર્થ્યવૃદ્ધિનું ચક્ર ચાલ્યા કરે છે. બળવાન સંકલ્પનું આપણા જીવનપર અજાણતાં સતત પરિણામ ચાલુજ હોય છે. સ્તવનથી તેમાં શક્તિ પ્રગટ થાય છે આપણી બીજી શક્તિઓ કરતા આ શક્તિ ઘણી વ્યાપક

છે. તે શક્તિને લીધે અશક્ય જણાતી વસ્તુઓ સહેજે આપણે સાધી શકીએ છીએ. આપણી સંકલ્પ શક્તિ એજ આપણામાં રહેલી સાચી શક્તિ છે. જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણેય અવસ્થાઓમાં એ આપણામાં જાગ્રતપણે કાર્ય કરતી હોય છે. આપણી અંદર ને બહાર થતી બધી ઘટનાઓમાં તે શક્તિનો સબંધ હોઇ તેનું કાર્ય અજ્ઞાતપણે હરહંમેશ ચાલુ હોય છે. આપણું મન, બુદ્ધિ, ચિત્ત તેમજ આપણો અહં બધું સુપ્ત દશામાં ગયા પછી પણ તે શક્તિ જાગ્રત હોય છે, તે જાગ્રત હોય છે તેથીજ ગાઢ નિદ્રામાંથી પણ ચોક્કસ વખતે ક્યારેક કવેળાએ પણ તે આપણને જાગ્રત કરે છે તે જાગ્રત ન હોય તો રોજનાં કરતા વહેલાં પરોઢિયે ઉઠવાનો સંકલ્પ કરીને આપણે રાતે ઉંઘી ગયા પછી બરાબર તેજ વખતે આપણને નિદ્રામાંથી જાગ્રત કોણ કરે? એ પરથી આપણાં દૃઢ સંકલ્પો અજાણતાં આપણું જીવન ઘડે છે એમ શંકા નથી. તે સંકલ્પોને વધારે ને વધારે બળવાન તીવ્ર અને યશસ્વી બનાવવા માટે સ્તવનની અત્યંત આવશ્યકતા છે. એ સ્તવનમાંથી આ બધી સિદ્ધિઓ પ્રાપ્ત કરવાનો મર્મ જે સાધી શકે તે પોતાની ઉન્નતિને માર્ગે જતો જતો, જીવન ક્રમશઃ વિકસીત કરતો કરતો પોતાનુ ધ્યેય પ્રાપ્ત કરી શકશે એમાં શંકા નથી.

### ઈશ્વરની ઈચ્છા જ સર્વોપરિ છે

કોઈ પણ માનવીય ઇચ્છા ઈશ્વરીય ઇચ્છાની ઉપરવટ નહિ જઈ શકે. આપણી જાતને વિવેક ને વિશ્વાસપૂર્વક ઈશ્વરીય ઈચ્છાની તરફેણમાં મૂકીએ તો વિજય આપણો જ છે.

—શ્રી અરવિંદ



# કબીરસુધા—૧

શ્રી ઈશ્વરભાઈ પટેલ

પ. પૂ. યોગેશ્વરજી ઇ. સ. ૧૯૪૦ માં પ્રથમવાર હિમાલય ગયા હતા ત્યારે સાથે શું શું લઇ ગયેલા? આ વર્ષે કપુરાના તેમના નિવાસ દરમ્યાન તેમણે આ પ્રશ્નનો જવાબ આપતા કહેલું કે માત્ર પહેરેલા કપડાં, સાથે એક ટુવાલ, એક શેતરંજી, એક નોટબુક ને એક પેન્સિલ! આ સાંભળ્યા પછી મારા મનમાં ઘણા વિચારો ઉદ્દભવ્યા. આ તો એમની સાચી તીર્થયાત્રા હતી. તીર્થ યાત્રા પાછળ પોતાના આધ્યાત્મિક વિકાસનો હેતુ રહેલો હતો. એટલું જ નહિ પણ લક્ષવેધિ બાણાવળી અર્જુન માફક તેમને પણ પોતાના લક્ષ્ય સિવાય બીજી વસ્તુમાં રસ જ ન હતો. હિમાલયમાં ભયંકર ઠંડી પડે છે તેનો તેમણે વિચાર પણ ન કર્યો. કેવી રીતે દિવસ-રાત વ્યતિત થશે તેની ચિંતા પણ તેમણે ન સેવી. કારણ સ્પષ્ટ છે—તેમને ઈશ્વર દર્શનની જ લગની લાગેલી. એ લગની એવી હતી કે ઈશ્વર દર્શનના લક્ષ સિવાય મન કે મનની વૃત્તિઓ ઈત્તર વસ્તુઓમાં અથવા વિષયોમાં ઠરી જ ન શકે!

આપણે બધા આવા પ્રકારની વિકાસ યાત્રા કરી શકતા નથી તેના કારણોની તપાસ કરીએ તો પૂ. શ્રીનો આ પ્રસંગ આપણને ઘણું માર્ગદર્શન આપી જાય છે. દ્રોણાચાર્યે બધા શિષ્યોની પરીક્ષા લીધી ત્યારે માત્ર અર્જુન સિવાય બીજા બધાને નિયત કરવામાં આવેલ લક્ષ્ય સિવાય બીજું બધું ઘણું દેખાતું હતું. ફક્ત અર્જુનને જ પક્ષીની જમણી આંખ દેખાતી હતી. અર્જુન તેથી લક્ષ્યવેધ કરી શક્યો. અર્જુન જેવી આપણી

દશા નથી. આપણું ચિત્ત અનેકવિધ પદાર્થોમાં વહેંચાયેલું રહે છે. આપણે સામાન્ય રીતે તીર્થયાત્રા કરવાનો વિચાર કરીએ છીએ ત્યારે દશ-બાર દિવસ અગાઉથી તેની પૂર્વ-તૈયારી કરવા માટે વ્યસ્ત રહીએ છીએ, સારો સંગાથ શોધીએ છીએ રસ્તે કંટાળો ન આવે તે માટે બીજા ઘણા ઉપાયો અગાઉથી વિચારી રાખીએ છીએ. નીકળ્યા પછી આપણા મમત્વના પ્રદેશ સાથે વધારે સંપર્ક રહે તેવી ઇચ્છાથી ટપાલ લખવા જરૂરી સાધન પણ લઈ જઈએ છીએ. શરીરની પણ કેટલી બધી ચિંતા કરીએ છીએ? એક નાસ્તાનો ડબ્બો, એક રોજ બે વાર ભોજન કરવા માટેનો ડબ્બો, જમીને સુખેથી સુવા માટે સુંવાળો બિસ્તરો, સારાં કપડાં અને શૃંગારનાં સાધનો–જાણે કે આખો સંસાર જ સાથે લઈ ને જઈએ છીએ. ત્યાં જઈ ને શું કરીએ છીએ? પાંચ–દશ મિનિટ દર્શન કરીને સ્નાન કર્યું ન કર્યું ત્યાં તો પ્રથમ ભોજન, ઊંઘ અને પછી ફરવા જવાનો કાર્યક્રમ! આપણી તીર્થયાત્રાની પદ્ધતિ જ આપણી મનોવૃત્તિની ચાડી ખાય છે. આપણી ભોગવૃત્તિ જ તીર્થયાત્રામાં પણ આધિપત્ય જમાવતી જણાય છે. આવી ભોગવૃત્તિ આપણને તીર્થ–દર્શનનો જેટલો લાભ મળવો જોઈએ તેટલો લાભ ન મળે તેવી બાધાઓ ઊભી કરે છે. કેટલીક વાર તો આપણે યાત્રા પણ પૂરી કરી શકતા નથી. આપણા જીવનની આ બધી વાતો કબીર સાહેબે નીચેના પદમાં બહુ જ સુંદર રીતે આલેખી છે.

ચલિ હૈ કુલ [1]બોરની ગંગા નહાય.
[2]સતુવા કરાઇનિ બહુરિ [3]ભુંજાઇનિ
ઘૂંઘટ ઓટે [4]ભસક્ત જાય,
[5]ગઠરિ બાંધિન [6]મોટરિ બાંધિન



[7]ખસમ કે [8]મૂંડે [9]દિહિન ધરાય.
[10]બિછુવા પહિરિન, [11]ઔંઠા પહિરિન
લાત ખસમ કે મારિન જાય,
ગંગા ન્હાઇનિ જમુના ન્હાઇનિ
[12]નૌ મન મૈલ હૈ લિહિન ચઢાય
[13]પાંચ પચીસ કે ધક્કા ખાઇનિ
[14]ઘર હું કે પુંજી આઈ ગંવાય,
કહત કબીર હેત કર ગુરુ સૌં
નહિ [15]તોર મુકતિ જાઇ નસાય.

---

૧ કુલબોરની–કુલનાશક
૨ સતુવા–સતૂ અથવા સાથવો
૩ ભુંજાઇનિ–શેકીને
૪ ભસકત–ભોગતી જાય, ખાતી જાય
૫ ગઠરિ–પોટલી
૬ મોટરિ–મોટી
૭ ખસમ–ધણી
૮ મૂંડે–માથે
૯ દિહિનધરાય–ધરાવી દીધા–ચઢાવી દીધા
૧૦ બિછુવા–વીંટી
૧૧ ઔંઠા–પગના અંગૂઠામાં પહેરવાનું ઘરેણું
૧૨ નૌ મન મૈલ–નવ મણ મેલનો થર
૧૩ પાંચ પચ્ચીસ–ઇન્દ્રિયોના વિષયોના વિકારો
૧૪ ઘર હુંકી પૂંજી–પોતાના ચૈતન્યની શક્તિ
૧૫ તોર મુકતિ–તારી મુક્તિ

આ પદમાં કબીર સાહેબે કુલનાશક એવી સુરતા–ચિત્તવૃત્તિ–ગંગા સ્નાન માટે યાત્રાએ નીકળે છે તેનું સુંદર આલેખન કર્યું છે. કુલનાશક એટલે કુલને ડૂબાડનારી મનોવૃત્તિ. જે મનોવૃત્તિ હંમેશા ભૌતિક પદાર્થોના વિષયોમાં જ રાચતી હોય છે, જેને વિષયોના ઉપભોગોમાં જ ઇતિકર્તવ્યતા લાગે છે તે ચિત્તવૃત્તિ કુલનો સત્યાનાશ વાળે છે. કુલનો નાશ એટલે મહા-

મૂલો દેવોને પણ દુર્લભ એવો મનુષ્ય જન્મ કે જે પરમેશ્વરના મિલનને માટે અનેક જન્મોના પુણ્ય કર્મોના ઉદયે પ્રાપ્ત થયો છે. તેનો ખરાબમાં ખરાબ અમાનુષી ઉપયોગ. મનુષ્ય જન્મનો હેતુ તો શુભ જ છે. જ્ઞાનની ગંગામાં સ્નાન કર્યેથી જ કર્મબીજનો નાશ થાય છે. અને પરિણામે મુક્તિનો મંગળ-માર્ગ સાંપડે છે. પરંતુ માયાનો વાસ જ મનમાં–ચિત્તમાં રહ્યો છે. તેથી તે ચિત્તમાં તરંગિત થતી તમામ વૃત્તિઓ માયાના રંગે જ રંગાયલી રહેવાની. અનાત્મ પાર્થિવ પદાર્થોના વિષય રસમાં જ સ્નાન કરવાનો તેનો ઉદ્દેશ છે, એવું તે માની બેસે છે. આ જ અવિદ્યા છે. આ અવિદ્યાથી જ જીવને પોતાના સ્વરૂપનું ભાન રહેતું નથી. જીવ ચિત્તવૃત્તિઓનો ગુલામ બની જે કાંઈ કર્મો કરે છે તે તેની અવદશાનું કારણ બને છે. અવિદ્યાથી તે સત્ય સ્થિતિને સમજી શકતો નથી. તેને જવું છે પૂર્વ દિશા તરફ, પરંતુ ખરેખર તે ગતિ કરી રહ્યો છે પશ્ચિમ દિશા ભણી. આ તેની કરુણ કહાણી છે. જીવની ભોગ-વૃત્તિનું માર્મિક વર્ણન કરતાં કબીર સાહેબ કહે છે કે જેમ દુષ્ટ સ્ત્રી પોતાના પતિ સાથે પવિત્ર ગંગા સ્નાનના હેતુથી યાત્રાનો આરંભ કરે છે, તેમ આ જીવ પણ મનુષ્ય દેહધારી થઈ પોતાના જીવનની યાત્રાનો આરંભ કરે છે. યાત્રા માટે દુષ્ટ સ્ત્રી ખૂબ ભાથું લઈને નીકળે છે, તેમ જીવ પણ પૂર્વ કર્મોનું ભાથું લઈને પોતાનો પુણ્ય પ્રવાસ કરે છે. પરંતુ પ્રથમથી જ દિશા અવળી પકડે છે. પૂર્વના કર્મ–બીજ તો તેના સંચિત પડ્યાં છે જ, પરંતુ બીજાં પણ એવાં કર્મોનો તે પ્રારંભ કરે છે કે જે તેના શિરે કર્મનો બોજો વધારી મૂકે છે. જે રીતે દુષ્ટ સ્ત્રી સારી રીતે શેકીને સત્તૂ–સાથવો બનાવીને નીકળે છે અને પોતાના પતિને ન ખબર પડે તેમ ઘૂંઘટના ઓથે તે ભાથું આરોગતી જ જાય છે. તે રીતે જીવની



સ્ત્રી માયા અથવા માયાવશ મનોવૃત્તિ–પ્રાપ્ત થયેલ ભાથાનો એવી રીતે ઉપભોગ કરી લે છે કે જીવને જે લાભને બદલે ભયાનક નુકસાન પહોંચાડે. છતાં પણ મમત્વથી બંધાયેલો અજ્ઞાની જીવ પોતાને લાભ જ થાય છે એમ માની ચાલે છે. ખરેખર તો તેને નથી મળતું ગંગા સ્નાનનું ફળ કે નથી મળતું યમુના સ્નાનનું ફળ! તે એવી રીતે સ્નાન કરે છે કે જે દ્વારા મેલ ધોવાઈને ઓછો થવો જોઈએ તેને બદલે મેલ અનેક ગણો વધી જાય છે. ભોગવૃત્તિની માયા જ તેને ખાઈ જાય છે. મહામૂલો મનુષ્ય જન્મ આખરે આમ જ વેડફાઈ જાય છે.

આમાંથી ઉગરવું હોય તો કબીર-સાહેબ જીવને ગુરુ સાથે હેત કરવાની સલાહ આપે છે. ઈશ્વરની કૃપાથી જ ગુરુની પ્રાપ્તિ થાય છે. જીવનો ઉદ્ધાર ગુરુ વિના અન્ય કોઈ કરી શકે નહિ એવી ખાત્રી ઉચ્ચારતા કબીર સાહેબ કહે છે—

કહત કબીર હેત કર ગુરુ સૌં
નહિ તોર મુકતિ જાઈ નસાય.

અર્થાત્ હે જીવ! તું ગુરુ ઉપર પ્રેમ રાખ. એમ નહિ કરે તો મુક્તિ ચાલી જશે. ફરીથી એવી તક તને નહિ મળે.

શ્રેય યાત્રા કરનારને આ પદ મંગળ માર્ગદર્શન પૂરું પાડે છે.

# ભંડોળ સહાયક યોજનામાં પ્રગતિ

મે, ૧૯૮૦થી શરૂ કરેલ ભંડોળ સહાયક યોજનામાં દિન પ્રતિ દિન પ્રગતિ થતી રહી છે ને 'અધ્યાત્મ' ના ગ્રાહક ભાઈ બહેનો તેમાં જોડાતાં રહ્યાં છે.

નવા નોંધાયેલ સહાયક પેટ્રન તેમજ આજીવન સભ્યોનાં નામ નીચે પ્રમાણે છે.

### સહાયક પેટ્રન

૨ શ્રી લાભશંકર વ્યાસ–ભાવનગર રૂા. ૫૦૧

### આજીવન સભ્ય

૭૫ શ્રી. ગોવિંદલાલ એચ. ઝવેરી સુરત રૂા. ૨૫૧
૭૬ શ્રી. કૈલાસબેન ઉમંગલાલ બારોટ સુરત રૂા. ૨૫૧
૭૭ શ્રી. બંકિમભાઈ છોટુભાઈ પટેલ સુરત રૂા. ૨૫૧
૭૮ શ્રી. રોહિતભાઇ એચ. પટેલ વડોદરા રૂા. ૨૫૧
૭૯ શ્રી. અરવિંદભાઈ ગજાનન સાઠે વડોદરા રૂા. ૨૫૧
૮૦ શ્રી. ઇચ્છિયાશંકર દામોદર વ્યાસ રાજકોટ રૂા. ૨૫૧
૮૧ શ્રી. શાન્તિલાલ એચ. કનેરિયા રાજકોટ રૂા. ૨૫૧
૮૨ શ્રી. વિઠ્ઠલભાઇ હરિભાઇ કનેરિયા રાજકોટ રૂા. ૨૫૧
૮૩ શ્રી. મદનલાલભાઇ મુનશીરામભાઈ રાજકોટ રૂા. ૨૫૧
૮૪ શ્રી. લાભુબેન મહેતા મદ્રાસ રૂા. ૨૫૧
૮૫ શ્રી. ભગુભાઇ એસ. પટેલ વડોદરા રૂા. ૨૫૧



# અધ્યાત્મ અને સમાજવ્યવહાર

શ્રી. અમૃતલાલ યાજ્ઞિક

આધ્યાત્મિક જીવન વિશેની સ્પષ્ટ વિચારણા સમજીએ તો આપણો કુટુંબ અને સંસારવ્યવહાર વિશુદ્ધ બને છે. આધ્યાત્મિક જીવન સંસારવ્યવહારમાંથી ઊગેલું સુંદર અને સુગંધી આત્માનું પુષ્પ છે એમ કહી શકાય. સામાન્ય માણસ અને પશુસૃષ્ટિ એ બન્ને વચ્ચેનો ભેદ બરાબર સમજાય, તો અધ્યાત્મસૃષ્ટિની દિશા તરફ જવાની આપણી દૃષ્ટિ ખુલ્લી થાય.

માનવી સિવાયનાં અન્ય પશુપંખીઓને કુદરતે વિવેકબુદ્ધિ આપી નથી. માનવેતર સૃષ્ટિ અંધવૃત્તિઓથી દોરાય છે અને પોતાનું જીવન જીવે છે. ઉદાહરણ તરીકે, પોતાનું સંરક્ષણ કેમ કરવું અને જીવન ટકાવી રાખવા માટે અન્યનો ભોગ લેવાની જરૂરિયાત હોય તો લેવો, એવી અંધવૃત્તિ કુદરતે માનવી સિવાય અન્ય જીવોને આપી છે. એટલે સ્થૂળ જીવન જીવવામાં જ પશુ, પંખી, જંતુઓ વગેરેનું જીવન સાર્થક થાય છે.

પશુઓ જેવાં કે કુતરા બિલાડાંઓમાં એક વસ્તુ હોય તો તે બીજા પાસેથી આંચકી લઈ તેનો ઉપભોગ કરવાની પ્રકૃતિજન્ય વૃત્તિઓ હોય છે. એક રોટલો એક કૂતરા પાસે હોય તો બીજો કૂતરો તેની પાસેથી પડાવી લેવા માટે પોતાનું બળ વાપરશે. મારી પાસે ન હોય તો કાંઇ નહીં, હું બીજાને આપીને રાજી થાઉં, એવી વૃત્તિ પશુપંખી આદિમાં હોઈ શકે નહીં. તેમને કુદરતે એવી વૃત્તિ આપી જ નથી. પરંતુ માનવીને પરમાત્માએ ઉચ્ચ ભાવનાઓ બક્ષી છે, અને ગ્રહણ કરવા-

ને બદલે બીજાને આપવામાં આનંદ રહ્યો છે એવી અનુભૂતિ માણસને જ થઈ શકે છે. એટલે પશુપંખીઓ આદિમાં સહકાર, ત્યાગ, ઉદારતા, મૈત્રી, જેવા દિવ્ય ગુણોની કલ્પના થઈ શકતી નથી. પ્રકૃતિની યોજનામાં એ પ્રકારના ગુણોનાં બીજ તેમનામાં હોતાં નથી. એટલે અંધવૃત્તિઓથી તેઓ પોતાનું જીવન પોષે છે ને રક્ષે છે.

માનવીને પરમાત્માએ પોતાના દિવ્ય અંશો અને ઉચ્ચ ગુણો આપ્યા છે. ઉદાત્ત કે સંસ્કારી માનવી પશુઓની માફક પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવામાં સંતોષ માનતો નથી. તેને તો અન્ય માણસને મદદ કરવામાં કે અન્યની જરૂરિયાતો જોઈને પોતાની વસ્તુઓ આપી દેવામાં ઉચ્ચ આનંદ આવતો હોય છે. કોઈ પણ માણસ રસ્તા ઉપર પડી ગયો હોય તો બીજો તેને જોનાર માણસ તેની પાસે જાય છે, તેને ઊભો કરે છે, મદદ જોઈતી હોય તો આપે છે. આમ કરવાનું એને કોણે શીખવ્યું છે? પરમાત્માએ આપેલા અંતઃકરણમાં જાગતા માનવીય ભાવોએ એમ કરવાનું કુદરતી સુઝાડ્યું છે એમ કહી શકાય. આવી રીતે બીજાને મદદ કરવાની વૃત્તિ માનવીને મળેલી દિવ્ય બક્ષીશ છે. જે પરમાત્માએ તેને આપેલી છે.

કોઈ પશુ પડી ગયું હોય તો બીજુ પશુ તેને મદદ કરવા ઊભું નહીં રહે. એટલું જ નહીં તેની પાસેથી દોડીને દૂર જશે! તેમાં પશુઓનો વાંક નથી. અંધવૃત્તિથી જીવ્યે રાખવું એવું કુદરતી તેનું જીવન છે. માણસમાં પરમાત્માનો કોઈક એવો અંશ છે કે તેને કોઈને મદદ કરીને ઊંડો આનંદ થાય છે. એ આનંદ સાત્ત્વિક છે. કોઈની પાસેથી લઈ લેવામાં, માત્ર પોતાનો સ્વાર્થ સાધવામાં કે કેવળ પોતાના જ માટે ઉપભોગ



કરવામાં સંસ્કારી માણસને આનંદ થાય જ નહીં. હા, પ્રાકૃત અવસ્થામાં જીવનાર માણસમાં એવા અંશો ઓછા હોય છે એ ખરું, પરંતુ બીજાનાં દુઃખને દૂર કરવા માટે પોતાનું સુખ તજવાનું માણસને જ સૂઝે કે સ્ફુરે. ભગવાન મહાવીર કે બુદ્ધ રાજાઓ હોવા છતાં તેમને પોતાના વૈભવમાં કે રિદ્ધિસિદ્ધિમાં જીવનની સાર્થકતા ન લાગી. પરંતુ અસંખ્ય દુઃખી જીવોનાં દુઃખ દૂર કરવા તેમણે રાજવૈભવ છોડ્યો, સંસાર તજ્યો અને વનમાં જઈ કઠોર તપશ્ચર્યા કરી. શા માટે આમ કર્યું? તેમને કોણે શીખવ્યું?

આ વિચારમાં ઊંડા ઊતરીએ તો એ જાણી શકાશે કે માણસ અન્ય માણસને પોતાના જેવો માને છે, બીજાનું દુઃખ તેને પોતાનું લાગે છે. **आत्मवत सर्वभूतेषु** નો વેદમંત્ર આવી દિવ્ય ભાવનામાંથી જન્મ્યો હશે એમ કલ્પવું સુતાર્કિક લાગે છે. આવું ન હોય તો બીજાની આફતમાં આપણે ભાગીદાર થઈએ, અને મનનો ઉચ્ચ આનંદ ક્યાંથી અનુભવીએ? મોરબીમાં પ્રલયપૂર જેવો વિનાશ થયો એ સાંભળીને ગામેગામથી લોકોને તેમને મદદ કરવાનું કોણે શીખવ્યું? અને ક્યાંથી સૂઝ્યું? કેટકેટલા માણસો મોરબીની આફત સાંભળી પોતાના દુઃખી ભાંડુઓની મદદે દોડી ગયા?

આવી પશુઓ ઉપર આફત ઊતરી હોય તો બીજા પશુઓ મદદે દોડે છે? પણ તેમનો દોષ નથી, કારણ કે બીજાની સાથે એકતાનો ભાગ અનુભવવાની કે સમજવાની શક્તિ તેમને મળેલી નથી. માણસ તો માત્ર માણસનાં દુઃખ જ નહીં, પશુપંખીનાં દુઃખને પોતાનાં જેવાં ગણી મદદે દોડી જાય છે. આ પ્રકારની ભાવનામાંથી જ અહિંસાનો જન્મ થયો છે એ જોઈ શકાશે. ટૂંકામાં, સચરાચરમાં વ્યાપેલા બધા જીવો

જોડેનો સંબંધ અનુભવવામાં ઉચ્ચતમ ભાવના વ્યક્ત થાય છે. આપણામાં રહેલો આત્મા અન્ય માણસોમાં પણ છે એવી અનુભૂતિ જ માણસને માટે આધ્યાત્મિક દિશા ખુલ્લી કરે છે. જીવ અને પરમાત્માનો સંબંધ સમજવા તરફ આપણાં હૃદય-ચિત્ત વળે, ત્યારે આધ્યાત્મિક માર્ગે જવાની દિશા સાંપડે છે. માનવી જીવનની એ સાર્થકતા છે.

જેમ ઝાડની સાર્થકતા ડાળીઓ વિકસે, મોર બેસે, ફળફૂલ થાય તેમાં છે, તેમ માનવી જીવનની સફળતા કે સાર્થકતા સમગ્ર વિશ્વમાં ચૈતન્ય વ્યાપ્યું છે, આત્માની અનંત શક્તિ છે વગેરેની અનુભૂતિ કરવામાં છે.

આધ્યાત્મિક દૃષ્ટિ માનવીમાં રહેલા દિવ્ય અંશોને પ્રકટાવે છે અને અન્તે આત્મસાક્ષાત્કાર તરફ લઈ જાય છે. તે તરફ આયુષ્યયાત્રા કરવામાં માનવી જીવનની સાર્થકતા છે.

*

“ સંકલ્પ વિકલ્પના પરિણામે પેદા થનારી સમસ્ત કામનાઓને છોડીને, મનની મદદથી ઇન્દ્રિયોનો સર્વ તરફથી સંયમ સાધીને, બુદ્ધિપૂર્વક ધીરે ધીરે ઉપરામતાને કેળવી, મનને, આત્માની અંદર સ્થિર કરીને, કાંઈપણ ચિંતન ના કરવું. ચંચળ અથવા અસ્થિર મન પોતાના પ્રાચીન પરંપરાગત અભ્યાસને અનુસરીને જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાંથી તેને પાછું વાળીને આત્માની અંદર સ્થિર કરવું. એવા અભ્યાસથી આખરે મન શાંત થાય છે.”



# ભ્રૂમધ્યદૃષ્ટિ

શ્રી. મણિભાઈ શાહ




પદ્માસન સાથે નાસાગ્રદૃષ્ટિ કરવાનું કહેવામાં આવ્યું છે તો સિદ્ધાસન સાથે ભ્રૂમધ્યદૃષ્ટિ કરવાનું કહેવામાં આવ્યું છે. જો કે બને દૃષ્ટિનો અભ્યાસ સ્વતંત્રરીતે પણ થઈ શકે છે. નાસાગ્રદૃષ્ટિની જેમ ભ્રૂમધ્યદૃષ્ટિ પણ ભટકતા મનને સ્થિર કરવાની યોગની એક સચોટ યુક્તિ છે.

ભ્રૂ એટલે ભવાં અને મધ્ય એટલે બે ભવાંની વચ્ચેની જગ્યા. એ જગ્યા કે અવકાશ પર દૃષ્ટિને સ્થિર રાખવી, તેનું નામ ભ્રૂમધ્યદૃષ્ટિ.

તેની રીત :

(૧) બંને આંખો બંધ કરો

(૨) હવે ડાબો હાથ ડાબી આંખ ઉપર પોચી રીતે મૂકી રાખો અને જમણી આંખ ખોલી કીકીને ઉપર અને થોડી નાક તરફ લઈ જઈને જ્યાં તીર કર્યું છે તે ઠેકાણે જોવાનો

પ્રયત્ન કરો. એમ પાંચ સેકંડ જોવાનું ચાલુ રાખો. જુઓ ચિત્ર નં.–૧

(૩) હવે બંને આંખો બંધ કરી હાથ ઉઠાવી લો ને પાંચ સેકંડ પછી બંને આંખો ખોલી નાખો.

(૪) હવે બીજી આંખે એટલે જમણી આંખે તેવી જ રીતે દૃષ્ટિ ઠેરવો અને આ વખતે જમણી આંખ ઉપર હાથ રાખો. જુઓ ચિત્ર નં–૨. પાંચ સેંકડ સ્થિર રીતે જોયા પછી બંને આંખો બંધ કરી, પાંચ સેંકડ પછી બંને આંખો ખોલી નાંખો. જમણો હાથ ઉઠાવી લો.

આમ બંને આંખે એક પછી એક ભ્રૂમધ્યદૃષ્ટિ કર્યા પછી બંને આંખે એક સાથે બંને ભવાની મધ્યમાં જોવાનું છે.

( ૫ ) ચિત્ર નં–૧–૨ જુઓ. જ્યાં બે તીરની અણી અડે છે ત્યાં બંને આંખે તે તે આંખને લગતા તીર તરફ દૃષ્ટિ કરો. પાંચ સેંકડ સ્થિર રીતે જોઈ રહો. પછી આંખો બંધ કરો. જુઓ ચિત્ર નં–૩.

( ૬ ) ચિત્ર નં ૩ માં ભવાને અડીને તીર દેખાડેલાં નથી, કારણ કે જોવાનું તો તીર તરફ છે. પણ દૃષ્ટિને કેન્દ્રિત તો દૃષ્ટિને લંબાવતા જ્યાં ચોકડી પડે છે ત્યાં કરવાની છે. ચોકડીનું મધ્યબિંદુ એ ભ્રમધ્યદૃષ્ટિનું લક્ષ્ય છે.

ભ્રૂમધ્યદૃષ્ટિ જ્યારે આવડી જાય ત્યારે વિચારોની પરંપરા મંદ પડી જાય છે ને મન સ્થિર થવા લાગે છે, ને ધ્યાનમાટે મન તૈયાર થાય છે.

સમય : શરૂઆત પાંચ સેંકડથી કરવી અને અભ્યાસ કરતાં કરતાં ધીરે ધીરે સમય વધારવો.



સૂચના :

( ૧ ) ભ્રૂમધ્યદૃષ્ટિમાં પણ દર્શનનો જ્ઞાનતંતુ ( Optic nerve ) સંકળાયેલો છે. એટલે તેની ઉપર કોઈ પણ પ્રકારે વધારે તાણ પડવું ન જોઈએ અને તેથી સાવધાનીપૂર્વક ધીમે ધીમે આગળ વધવું જોઈએ.

( ૨ ) માથું દુખતું હોય કે આંખો થાકેલી હોય ત્યારે હરગીજ ન કરવી.

( ૩ ) આંખના દુખાવામાં પણ ભ્રૂમધ્યદૃષ્ટિ ન કરવી.

*

યમ તથા નિયમ મનની શુદ્ધિ સાધવામાં સહાયક બને છે અને સાધકના વ્યાવહારિક જીવનને વિશુદ્ધ બનાવે છે. આસન શરીરની સ્વસ્થતાને સુદઢતા સાધી, પ્રાણાયામ–પ્રત્યાહાર–ધારણાની મદદથી મનની સ્થિરતાને વધારે છે. ધ્યાન મનની શાંતિનો અનુભવ કરાવે છે. અને સમાધિ મનને અતીન્દ્રિય અવસ્થામાં પહોંચાડીને સ્વરૂપના અપરોક્ષ અનુભવ દ્વારા શાંત કરે છે. એ મનને અને સાધકને એના મૂળ ઉદ્ભવસ્થાનમાં પહોંચાડીને મનની શાંતિ કરે છે. એ રીતે વિચારતાં યોગની સુખશાંતિદાયક શ્રેયસ્કર સાધના મહત્ત્વની ચાર અને પ્રક્રિયામાંથી પસાર થાય છેઃ મનની શુદ્ધિ, મનની સ્થિરતા, મનની શાંતિ, મનની શાંતિ જ્ઞાન અને યોગ ઉભયમાં એટલી એક વાક્યતા છે.

# પ્રકાશના પંથે

શ્રીયોગેશ્વરજી
સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

## બે સ્વપ્ન દર્શન તથા ભગવાન બુદ્ધનું સાક્ષાત્ દર્શન

ભૂતકાળના એ દિવસો અત્યંત ઝાંખા સ્વરૂપમાં સ્મૃતિપટ પર તાજા થાય છે. બીજમાંથી જેમ અંકુર ફૂટે, ને તેમાંથી ફૂલ ને ફળની દુનિયા બહાર આવે, તેમ બાલપણના સાધારણ સંસ્કારબીજોમાંથી નવી દુનિયા ઊગી નીકળી છે. બાલ્યાવસ્થા જીવનની ઇમારતનો પાયો છે. તેની અસર સમગ્ર જીવન પર ઘણી જ પ્રબળ પડે છે, એટલે તેની ઉપેક્ષા કે અવગણના કેવી રીતે થઈ શકે?

એ દિવસોમાં મને એક સ્વપ્ન આવ્યું. અમારી સંસ્થામાં એક નાનું મંદિર અને એની બહાર નાનું સરખું મેદાન હતું જેમાં હું ઊભો છું એવું સ્વપ્ન શરૂ થયું. થોડીવાર પછી તરત જ મેદાનના છેડા તરફથી નીકળીને એક સાપ મારી તરફ આવવા માંડ્યો. મેં ભયથી દોડવાનું શરૂ કર્યું. પણ મારા અસાધારણ આશ્ચર્ય વચ્ચે મેં જોયું. કે સાપ પણ મારી પાછળ દોડવા માંડ્યો. છેવટે મને થાક લાગવા માંડ્યો. મને થયું કે હવે મારાથી દોડાશે નહીં ને સાપ મને જરૂર પકડી પાડશે. પણ ત્યાં તો બીજું આશ્ચર્ય થયું. સાપને જાણે કે વાચા ફૂટી. મને સંબોધીને તેણે કહેવા માંડ્યું કે, “ શા માટે દોડ્યા કરો છો ? મારાથી શા માટે ડરો છો ? હું તમને કંઈ નહીં કરું, ઊભા રહો. ”

કેવું વિચિત્ર ? સાપ તે વળી આવું શુદ્ધ ગુજરાતીમાં બોલે ? તેના આશ્વાસનથી ઉત્સાહિત થઈને ભય ત્યાગીને



મેં તેની સામે જોયું. તે વખતે તેનું શરીર અદૃશ્ય થયું ને તેને ઠેકાણે એક નાની મૂર્તિ થઈ ગઈ. મારી તરફ જોઈને તે બોલવા માંડી કે, ‘ તમે એક મહાન પુરુષ થશો. તે માટે જ તમારો જન્મ છે. ’ એટલું કહીને તે અદૃશ્ય થઈ ગઈ. મારી નિદ્રા પણ પૂરી થઈ. જાગ્યા પછી મને થયું કે સ્વપ્નમાં દેખાયેલો સાપ કોણ હશે ને મારી પાછળ શા માટે દોડતો હશે ? તે પ્રશ્નોના ઉત્તર મળી શક્યા નહીં. પરંતુ સ્વપ્નની ખુમારી મનમાં લાંબો વખત રહી. મને લાગવા માંડ્યું કે હું જરૂર એક મહાન પુરુષ થઈશ. કેવી રીતે તે મને ખબર નથી. પણ ઈશ્વરને તે ખબર છે ને તેની ઇચ્છાને તેણે આ સ્વપ્ન દ્વારા મારી પાસે રજૂ કરી છે.

એવી સમજને પરિણામે મારો ઉત્સાહ ખૂબ વધી ગયો ને મહાન થવાની મહત્ત્વાકાંક્ષા વધારે ને વધારે મજબૂત બનવા માંડી.

જીવનને મહાન બનાવવા માટે સદ્‌ગુણોના વિકાસ તરફ મેં વધારે ને વધારે લક્ષ આપવા માંડ્યું. લોકોમાં પંકાયું તે મહાનતાની પારાશીશી નથી, અધિક વિદ્વત્તા કે જ્ઞાન પણ માણસને મહાન બનાવી શકતું નથી, મહાન બનવા માટે મુખ્ય વાત એ છે કે માણસે સદ્‌ગુણી ને સદાચારી થવું જોઈએ. દૈવી સંપત્તિના ગુણોથી સંપન્ન અને વિચાર, વાણી અને વર્તનમાં એક થવું જોઈએ.

એટલે જ મારા જીવનની શુદ્ધિ માટે મેં વ્યક્તિગત પ્રયાસો કરતાં કરતાં ઈશ્વરરૂપી માને પ્રાર્થના કરવા માંડી. તે દિવસોમાં એક બીજું યાદગાર સ્વપ્ન આવ્યું. તેમાં મેં આકાશમાં સફેદ રૂના ઢગલા જેવાં વાદળો પર સુંદર મેઘધનુ જોયું. તેના

પર જગદંબા–માતા સરસ્વતી બેઠેલાં. તેમણે સફેદ દૂધ જેવાં વસ્ત્રો પહેરેલાં, તેમનું સ્વરૂપ અતિશય સુંદર ને ગૌર વર્ણનું હતું. તેમની આંખ અને વદનના ભાવો કેવા અનુપમ હતા તે તો કોઈ મોટામાં મોટો કવિજન પણ કેવી રીતે કહી શકે? હું તો એટલું કહી શકું કે તેમના વદન પર અખૂટ શાંતિ ને મધુરતા દેખાતી. અંતરિક્ષમાં છતાં છેક પાસે જોવામાં આવેલું માનું એ સ્વરૂપ આજે પણ સ્મૃતિપટ પર એવું જ સાફ દેખી શકાય છે. એ સ્વપ્ન વીણાપાણિ સરસ્વતીનું હતું એમ સામાન્ય રીતે કહી શકાય. પરંતુ મારે માટે તો તે માનું દર્શન હતું. જે માને મેળવવા માટે મારું હૃદય રડી રહેલું ને જેને જોવા માટે મારી આંખમાં ઝંખના હતી તે માએ જ પોતાના સુંદર સ્વરૂપને સ્વપ્નમાં મારી પાસે આ રીતે પ્રગટ કર્યું એમ મેં માની લીધું. ને મારું માનવું બરાબર ન હતું તેમ કોણ કહેશે? શાસ્ત્રકારોએ સાધનાની સરળતા ખાતર, સાધકોની જુદી જુદી રુચિ કે પ્રકૃતિનો વિચાર કરીને મહાકાલી, મહાલક્ષ્મી ને મહાસરસ્વતી એવાં ત્રણ શક્તિસ્વરૂપોનું વર્ણન કર્યું છે. તે ત્રણે સ્વરૂપો બહારથી ભિન્ન હોવા છતાં પણ અંદરખાને એક છે અને એક જ જગદંબા ત્રણ રૂપ છે એની કોણ ના કહેશે? આપણા ઋષિવરો તો કહી ગયા છે કે સત્યરૂપી પરમાત્મા એક જ આ સંસારમાં વિરાજી રહ્યા છે. બીજાં જુદાં જુદાં નામને રૂપ તેમનાં જ છે. एकं सद्विप्रा बहुधा वदन्ति । એટલે કેવળ પુરુષ રૂપો જ નહીં પણ સ્ત્રી ને પુરુષનાં બધાં જ રૂપો એક પરમાત્માનાં જ સ્વરૂપ છે. સૌમાં તત્ત્વરૂપે તે જ રહેલા છે. અનેકતામાંથી એકતામાં પ્રવેશ કરવાનો છે. ઈશ્વરની કૃપાથી મને જીવનની શરૂઆતનાં વરસોમાં એમ જ લાગતું કે જડ ને ચેતનનાં જુદાં જુદાં રૂપોમાં એ ઈશ્વરરૂપી મા વિલસી રહી છે.



માના એ સ્વપ્નદર્શનથી મને આનંદ થયો. મને થયું કે બીજા ગમે તે કરે પણ મારે તો માના એ સુંદર સ્વરૂપમાં જ મન લગાડવું જોઈએ ને તેનો સાક્ષાત્કાર કરવાનો પ્રયાસ કરવો જોઈએ. માનું આવું સુંદર સ્વરૂપ ઉઘાડી આંખે જોવાનો લહાવો મળે તો કેટલો આનંદ આવે? જીવન ત્યારે જ સફળ ને ધન્ય બને.

એ પ્રમાણે માના સ્વપ્નદર્શનથી માનો સાક્ષાત્કાર કરવાની મારી ભાવનાને બળ મળ્યું. મને થયું કે મની મારા પર કૃપા છે ને તેને પરિણામે મને માનું સાક્ષાત દર્શન એક ધન્ય દિવસે જરૂર થશે.

તે વરસોમાં જ્યારે જ્યારે ઉનાળાની રજા પડતી ત્યારે હું વડોદરા અને સરોડામાં રહેતો. તે દરમ્યાન રોજ બપોરે ગામ-થી થોડે દૂર એકાંતમાં આવેલા સિદ્ધેશ્વરી માતાના મંદિરમાં બેસીને પ્રાર્થના ને ધ્યાન કરતો. વડોદરામાં પણ સાંજે રાજ-મહેલ રોડ તરફ ફરવા જવાની મેં ટેવ પાડેલી.

એવી જ રીતે એક વેકેશનમાં હું વડોદરા ગયો તે વખતે મારી ઉંમર સોળેક વરસની હતી. માતાજીના ભાઈ રમણભાઈ વડોદરાની લોહાણા બોર્ડીંગના મકાનમાં જ રહેતા. તેમના મકાનમાં એક નાનું સરખું માળિયું હતું. ત્યાં બેસીને હું કોઈ સારા પુસ્તકનું વાચન ને સાંજે એકાદ કલાક પ્રાર્થના ને ધ્યાન કરતો. સૂર્યાસ્ત થયા પછી થોડી વારે માળિયામાં અંધારું છવાઈ જતું એટલે મને આનંદ આવતો. અંધારા એકાંતમાં પ્રાર્થના ને ધ્યાન કરતાં કલાકો લગી બેસી રહેવાની કેટલાય વખતથી મેં ટેવ પાડેલી.

આંધારા એકાંતમાં પ્રાર્થના ને ધ્યાન કરતાં કલાકો લગી બેસી રહેવાની કેટલાય વખતથી મેં ટેવ પાડેલી.

એક દિવસ સાંજનો વખત હતો. માળિયાની નાની સરખી બારીમાંથી દેખાતા આકાશમાં છપાઈ ગયેલા સંધ્યાના સુંદર રંગોનું દર્શન કરતાં હું બારી પાસે ઊભો રહ્યો. તે વખતે મને ધ્યાનમાં બેસવાનુ મન થયું. હું ધ્યાનમાં બેઠો.

તે દિવસે કોણ જાણે કેમ પણ મને ધ્યાનમાં ઊંડી શાંતિ માળી. કોઈ શીતળ સરિતામાં સ્નાન કરતો હોઉં એમ મારું મન છેકજ શીતળ થઈ ગયું. લગભગ કલાક જેટલો સમય વીતી ગયો, ધ્યાનનો કાર્યક્રમ પૂરો થયો. મેં ત્યાંને ત્યાંજ પ્રાર્થના કરવાનો વિચાર કરી આંખ ઉઘાડી ત્યાં મારી નવાઈનો પાર ન રહ્યો. અત્યાર સુધી કદીપણના જોયેલું ને જેની કલ્પના પણ ન હતી એવું એક દૃષ્ય મારી સામે ઉપસ્થિત થયું, આ કદાચ મારા મનનો ભ્રમ કે આંખોની નબળાઈ તો નથી ને, એમ વિચારીને મેં મારી આંખને ચોળી જોઈ, એક વાર ફરી બંધ કરીને ઉઘાડી પણ દૃષ્ય તો એવુંજ અચલ રહ્યું; વાત એમ હતી કે મારી સામે લગભગ બે ફૂટ જેટલે જ દૂર માળિયામાં બધે પ્રકાશ છવઈ ગયેલો ને એની વચ્ચે મરી બરાબર સામે એક મહાપુરૂષની આવૃતિ પ્રગટેલી. તે મહાપુરૂષ આંખ બંધ કરીને સનાતન શાંતિની મૂર્તિ બનીને બેઠેલી. તેમણે પીળા રંગનું વસ્ત્ર ચીવર પહેરેલું. તેમના તેજસ્વી સુવર્ણસમા મુખ પર મધુરતા ને નિશ્ચલતા હતી, અપાર શોભતા સાકાર સ્વરૂપ જેવા એ મહાપુરૂષ મારી તદ્દન નજીક બિરાજેલા તેમનાં ચિત્રો મેં જોયેલાં એટલે મને નક્કી કરતાં વાર ન લાગી કે આ મહાપુરૂષ ભગવાન બુદ્ધ છે. ભગવાન બુદ્ધજ કૃપા કરીને મારી સામે પ્રગટ થયા છે ને મને તેમના દર્શનનો દુર્લભ લાભ મળી રહ્યો છે એ વિશે મને તલમાત્ર સંદેહ ના રહ્યો. રામકૃષ્ણ દેવ જેવા મહાપુરૂષો,



દેવતાઓ ને ઈશ્વરના અવતારના દર્શનના આવા પ્રસંગો આવે છે તે વાતની ખબર પણ મને તેથીજ પડેલી. ભગવાન બુદ્ધનું જીવન મેં વાંચેલું ને મને ખુબજ ગમી ગયેલું તેમની જેમજ આત્મોન્નતિ કરવાનો મારો વિચાર હતો. તે વિચારને જાણી લઈને ભગવાન બુદ્ધ પોતેજ મને આશીર્વાદ આપવા આવ્યા કે શું ? ગમે તેમ પણ દર્શનનો આનંદ અનેરો હતો. આંખ થાકતી ન હતી. અને અંતરને તૃપ્તી પણ વળતી નહિ. લગભગ પાંચ મિનિટ સુધી એ દર્શન કાયમ રહ્યું. પછી ભગવાનની છાતી પર મોટા રૂપેરી અક્ષરો લખાયા. ક્રમે ક્રમે યુગાવતાર એમ પાંચ અક્ષરો શુદ્ધ ગુજરાતીમાં લખાયા અને અદૃશ્ય થયા. તેનો સાચો મર્મ મારા સમજવામાં આવ્યો નહીં. તે પછી બુદ્ધ ભગવાનનું સ્વરૂપ સહેજ ઝાંખું થયું, વધારે ઝાંખું થયું, ને છેવટે અવકાશમાં મળી ગયું કે અદૃષ્ય થયું.

દર્શનનો આવો પ્રસંગ મારે માટે પહેલો જ હતો. તેથી મારો ઉત્સાહ વધી ગયો. સાધકના જીવનમાં આવા અનુભવથી ઉત્સાહ વધે ને શ્રદ્ધા બળવત્તર બને પરિણામે સાધનામાં મન પણ વધારે લાગે ને એકાગ્રતા વધે, એથી ઇશ્વર કેટલીકવાર સાધકોના જીવનમાં આવા પ્રસંગો પેદા કરે છે. પણ જેને આવા અનુભવો ના મળતા હોય તેણે પણ નિરાશ થવાની જીરૂર નથી કેમકે દરેકના અનુભવ એકસરખા ભાગ્યે જ હોય છે.

રામકૃષ્ણદેવે કહ્યું છે કે કેટલાક ઝાડને પહેલાં ફળ અને પછી ફૂલ આવે છે તેમ કેટલાક સાધકોને પહેલાં અનુભવ થાય છે. ને પછી તે સાધકો સાધના કરે છે. મારા સંબંધમાં એ વાત સાચી હતી.

ભગવાન બુદ્ધને માટે જેના દિલમાં પ્રેમ હોય ને જેનું અંતર તેનું દર્શન કરવા આતુર હોય તે આજે પણ એમનું દર્શન કરી શકે છે તેવો મારો વિશ્વાસ છે. મારામાં તે વખતે વિશેષ પ્રેમભાવ ન હોવા છતાં તેમણે મને દર્શન આપ્યાં તો જે રાત દિવસ તેમના પ્રેમમાં રંગાઈ જશે ને તેમની યાદમાં ચકચૂર બનશે તેને તો તે દર્શન દેશે જ એ નક્કી છે. ભગવાન બુદ્ધનો આ સંદેશ છે એ સંદેશના પ્રદાતા ભગવાન બુદ્ધને મારા પ્રણામ છે.

*

અતિન્દ્રિય અવસ્થા એટલે શરીરની સંજ્ઞા ભૂલી જવાની શરીરથી ઉપર ઉઠવાની અથવા તો દેહાધ્યાસથી પર થવાની અવસ્થા. એને દેહાતીત દશા તરીકે પણ ઓળખવામાં આવે છે. એ અનેરી અવસ્થા દરમિયાન દેશકાળનું ભાન નથી રહેતું; જે સ્થાનમાં બેઠા હોઇએ તે સ્થાનનો અને જે પસાર થાય છે તે સમયની સ્મૃતિ નથી રહેતી; ચિત્ત એકદમ એકાગ્ર થાય છે. સંપૂર્ણપણે શાંત થઇ જાય છે, અને આત્મલીન બની જવાય છે. શાસ્ત્રોએ એને તુરીયાવસ્થા કહી છે. ક્યાંક એનો લયના નામથી ઉલ્લેખ કરાયો છે તો ક્યાંક એને સમાધિના સરસ નામથી સંબોધવામાં આવી છે.



## આરતીની આશકા

( રાગ: લોક ઢાળ )

મનને મંદિર ગુરુ ! ઝાલરું વાગી,
પોઢેલા પ્રાણોની, ચેતનાઓ જાગી.
મનને.
સમીરે સંધ્યાએ ગુરૂ ! દીપ જલાવું,
શ્રદ્ધાના સ્નિગ્ધ મહીં તેલ પુરાવું,
આરતીની ઘંટડી રણકવા લાગી.
મનને.
સંધ્યા રાણી આવ્યાં સાજ સજીને,
ધન્ય થાતી પૃથ્વી આ પ્રભુને ભજીને,
ઢોલકે દાંડીની રમઝટ જામી.
મનને.
કરૂણા કપાસની વાટચું વણાવી,
દિલની દિવાસળીએ દીવડી જલાવી,
પંચ આરતી જોઈ મારી ભ્રમણાઓ ભાગી.
મનને.
જન જનના હૈયાએ તાલ પુરાવ્યા,
આશિષના અમીજળ અંગે છંટાવ્યાં,
આરતીની આશકાને શિર પર ચઢાવી.
મનને.
મનના મંદિર બંધ કદી નવ થાજો.
'જ્યોતિ પ્રભા 'ના પ્રાણ મંદિરે પુરાજો.
ગુરુની કૃપાથી જીંદગી ધન્ય બનાવી,
મનને,

વડોદરા ૩૦-૫-૮૦ પ્રભાબહેન પજવાણી

## મોંઘું જીવન ચાલે છે

શ્રીયોગેશ્વરજી

જોને જરી વિચારી આજ, મોંઘું જીવન ચાલે છે !

દિવસે દિવસે થાયે ખાલી, તારી જીવન અમૃત પ્યાલી,
તેને સ્વાદ લઈને મ્હાલી, મોંઘું જીવન ચાલે છે !....જોને.

દુર્લભ દેવોને આ કાયા, એવા એના ગુણ ગવાયા,
એથી કેંય પ્રભુને પાયા. મોંઘું જીવન ચાલે છે !....જોને

આ સંસાર તણી છે શાળા, મનની કેરવ એમાં માળા,
સર્વે દળદર મટશે તારાં, મોંઘું જીવન ચાલે છે !....જોને.

સત્ય દયા ને સેવા ભજને, કૂડા વિકાર મનના તજને,
સાચો બન મન કરમે વચને, મોંઘું જીવન ચાલે છે !....જોને.

આવી કંચન જેવી કાયા, એથી તોડી બંધન તાળાં,
મેળવ શાશ્વત શાંતિધારા, મોંઘું જીવન ચાલે છે !....જોને.

પાગલ પ્રભુની પાછળ બનતાં, પ્રભુને શ્વાસોશ્વાસે જપતાં,
કરજે દર્શન પ્રેમે તપતાં, મોંઘું જીવન ચાલે છે !....જોને.

*

કર્મ, કર્મ, અવિરત કર્મ એ જ સાધનાની સંસિદ્ધિનો મહામંત્ર છે. જે કર્મ કરવાની ના પાડે, આળસુ બનીને બેસી રહે, અનુકૂળ પ્રારબ્ધની પ્રતીક્ષા કર્યા કરે, એ આગળ વધી શકતો નથી.



## નંદજીના નંદલાલા

(ગરબી-હીંચ)

નાથ તારી સંગે નાતો જોડ્યો રે, નંદજીના નંદલાલા,
હવે વહેવાર વિશ્વનો છોડ્યો રે, નંદજીના નંદલાલા.

ભલે નિંદે જગત મને ભારે રે, નંદજીના નંદલાલા,
મારો વ્હાલો એ દુઃખ દઈ તારે રે, નંદજીના નંદલાલા.

સગાં સ્નેહીનો સાથ નવ કીધો રે, નંદજીના નંદલાલા,
મારા આતમનો સંગ ખરો લીધો રે, નંદજીના નંદલાલા.

ભમી ભમીને વેદનાઓ વેઠી રે, નંદજીના નંદલાલા,
તારે શરણે ઠરીને ઠામ બેઠી રે, નંદજીના નંદલાલા.

ઝુરી ઝુરીને આંસુડાં સારી રે, નંદજીના નંદલાલા,
જોઉં દર્શનની વાટ મેં તો તારી રે, નંદજીના નંદલાલા.

હવે આઠે પહોરે છે આનંદ રે, નંદજીના નંદલાલા,
મારો રીઝયો છે નંદનો નંદ રે, નંદજીના નંદલાલા.

-કમળાબેન ઠક્કર

*

મનોનિગ્રહ માટે પ્રાર્થના, સ્મરણ અથવા ભક્તિભાવ સહિતનું સમર્પણ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. યોગાભ્યાસ અથવા આત્મવિચારથી જે મનને સ્થિર ને શાંત કરવાનો પ્રયત્ન કરવો પડે છે તે મન ભક્તિ અથવા પરમાત્મપ્રેમના પ્રભાવથી અનાયાસે અથવા અલ્પ આયાસે આપોઆપ એકાગ્ર ને શાંત થઈ જાય છે. જ્ઞાન તથા યોગની મદદથી મનનો નિરોધ કરવો પડે છે. ભક્તિ અથવા પ્રેમથી મનનો નિરોધ થઇ જાય છે.

## વંદન હજારો વાર

'રાગ'–મથુરામાં ખેલ ખેલી આવ્યા

વંદન હજારો વાર
ગુરુજી અમારા.
ભૂતો ભરેલા બાળ તમારા,
બાવડી બનોને યોગેશ્વર વહાલા
શરણે લઈ લો આજ....

આવી બેઠા છે ચરણે તમારા,
દોષો ના જોશો કદીએ અમારા,
સ્વીકારી લેજો નાથ....

પ્રભુના મારગમાં મસ્તી ચઢાવજો,
દુનિયા આખીને ભલે ને ભૂલાવજો,
પાગલ બનાવજો શ્યામ....

શબરી ગોપી ને રાધા ને તારી,
અહલ્યા મીરાં ને પ્રેમે ઉગારી,
ઉગારો હે દીનાનાથ....

દર્શનથી પ્રાણને પાવન બનાવજો,
મુખડામાં મહિમાનું કીર્તન કરાવજો,
વરસો કૃપા વરસાદ....

–સેવેશ્વરી



## પ્રશ્નોત્તરી

(શ્રી યોગેશ્વરજી)

**પ્રશ્ન:**—કોઈપણ ઇષ્ટદેવનો મંત્ર આપણે જપતા હોઈએ, તો તેની સાથે બીજ મંત્ર લગાડવો જરૂરી ખરો ? એ બીજ મંત્ર લગાડીએ તો વધુ સચોટને શક્તિદાયક બને ખરો ? આ અંગે આપનો અભિપ્રાય જણાવશો.

**ઉત્તર:**—આપનો પ્રશ્ન સારો છે. આજે એવા હજારો સાધકો છે જેઓ એમ માને છે કે બીજ મંત્ર જેવાં કે **ऐं ह्रीं क्लीं** કોઈપણ ઇષ્ટમંત્રમાં પ્રયોજવાથી તેની અસરકારકતા વધે છે. એટલે કેટલાક **ॐ ह्रीं नमः शिवाय** તો કેટલાક **ॐ क्लीं कृष्णाय नमः** જપે છે.

મારા મત પ્રમાણે આ માન્યતા આપણી શુદ્ધ સાધના પદ્ધતિ ઉપર તંત્ર માર્ગની પડેલી અસર દર્શાવે છે. તંત્ર માર્ગની અસર પહેલાં હજારો બલ્કે લાખો લોકો એ **ॐ नमः शिवाय** કે **ॐ कृष्णाय नमः** ના જપો કરી, સાધના કરી છે ને પોતાની સાધનાની તીવ્રતા પ્રમાણે શાન્તિ કે સિદ્ધિ મેળવી છે. એટલે એ મંત્રો અસરકારક નથી કે ઓછા શક્તિશાળી છે, એ માન્યતા તર્કથી સાબિત થઇ શકતી નથી. એથી ઊલટું હું તો એમ કહું કે આપણે જે શુદ્ધ વૈદિક મંત્રો જપતા હોઈએ, તે મંત્રોમાં સહેજ પણ અશ્રદ્ધા કરવી, કે તેની ઓછી અસરકારકતા માનવી, તે સાધકને માટે શોભાસ્પદ નથી.

સાધકે હંમેશાં પોતાના ઇષ્ટમાં ઇષ્ટમંત્રમાં પોતાના ગુરુમાં ને પોતાની જાતમાં શ્રદ્ધા રાખવી ખૂબ જરૂરી છે. જે સાધક આ પાયાની વાત ચૂકી જાય છે, તે કદી પોતાની સાધનામાં સફળ થઈ શકતો નથી. આથી આત્મવિકાસ કે આત્માની

અનુભૂતિ માટે સાધના પંથે પગલાં માંડનારે બીજી આડવાતોમાં ધ્યાન આપ્યા સિવાય પોતાની સાધન પદ્ધતિમાં અપનાવેલ માર્ગને ખૂબ ઉત્સાહપૂર્વક વળગી રહેવું.

સાધનામાં નિયમિતતા, પ્રયત્નશીલતા ને ઉત્સાહ સફળતા મેળવવા માટે જરૂરી છે. એટલે એકવાર રુચિપ્રમાણે મંત્ર દીક્ષા પછી તેમાં શ્રદ્ધા રાખવી જરૂરી છે.

વળી કેટલાક સાધકો એમ માને છે કે અમુક મંત્રો શાપિત છે એટલે એનું અનુષ્ઠાન કરનારે શાપવિમોચન માટેની ક્રિયાઓ પ્રથમ કરવી જોઈએ.

મારા મત પ્રમાણે કોઈ મંત્ર શાપિત નથી. અગર જો કોઈ મંત્ર શાપિત હોય ને તેના શાપ વિમોચન માટેની ક્રિયાઓ તમે કરો. તો તમારા મનમાં તે મંત્ર માટેની શ્રદ્ધા અસરકારક કેવી રીતે બનવાની? એથી આગળ વધીને તમને કોઈ તર્કશીલ સાધક એમ પણ પૂછે કે જે મંત્ર પોતે જ શાપિત છે, તે તેના જપનારનો શું ને કેવો ઉદ્ધાર કરી શકવાનો? તો તમે શો જવાબ આપશો?

એ સાચું કે સકામ ઉપાસનાનાં વિધિવિધાનો યોગ્યરીતે થાય તે જરૂરી છે. પરંતુ શ્રેયાર્થીને માટે તો 'રામ' નહિ, પરંતુ 'મરા' કે કેવળ 'મા' 'મા' બોલનાર સાધકો પણ તરી ગયા છે. પુરાતન કાલમાં વાલ્મીકિ અને આપણા યુગમાં પરમહંસ શ્રી રામકૃષ્ણ દેવ કે બીજા અભણ ભક્તો એનાં જીવંત ઉદાહરણો છે.

શ્રેયાર્થી માટે આવશ્યક છે કેવળ પ્રેમ ને શ્રદ્ધા એમનાથી જ અનેક સાધકો તરી ગયા છે. એટલે વધુ તર્કમાં પડ્યા સિવાય પોતે ઉપાસતા ઇષ્ટ મંત્ર ને ગુરુ મા શ્રદ્ધા રાખી, પ્રેમપૂર્વક મંત્રજપ કરવા લાગી જવું એ જ સહુ માટે ઉત્તમ છે.



# कर्मजा व्याधयः केचिद्

ડૉ. ઉમાકાંત જે. જોષી

દરેક માનવ ષડ્ધાત્વાત્મક છે. પંચમહાભૂત અને આત્માનો સમવાય સંબંધ તે પુરુષ છે. તેને કોઇ પણ પ્રકારનું દુઃખ થાય કે દુઃખનો સંયોગ થાય તેને વ્યાધિ કે રોગ (Disease) કહેવાય છે. પછી તે દુઃખ શરીરમાંથી ઉત્પન્ન થયું હોય કે માનસિક તથા કોઈ અન્ય દ્વારા કરવામાં આવ્યું હોય. દુઃખ તે રોગનો પર્યાય છે. અને સુખ (શારીરિક અને માનસિક) તે નિરોગીની પ્રતીતિ છે.

આયુર્વેદ શાસ્ત્રે તે દુઃખના ( રોગના ) ત્રણ ભેદ કહ્યા છે 'तद् दुःख संयोगः व्याधयः. तद् दुःख त्रिविधम, आध्यात्मिकम, आधिभौतिकम, आधिदैविकम इति। (सु. सं. सत्र २४) આ પ્રમાણે રોગોનું વિષદ વર્ગીકરણ પ્રાચીન શાસ્ત્રોમાં છે. आध्यात्मिकम 'आत्मन्नाधि अध्यात्मं तत्र भवम् आध्यात्मिकम।

શરીરમાંના વાયુ, પિત્ત કફ તથા મનના રજ અને તમથી ઉત્પન્ન થનારા રોગો. જેવા કે તાવ, ઝાડા, કમળો ગાંડપણ વ. રોગો આમાં ગણાય છે. જેનું વર્ણન દરેક ચિકિત્સા પદ્ધતિમાં પણ છે.

'आधिभौतिकम 'भूतेषुऽधिकृत्य यत्प्रवर्तते तत्र।'

બીજાંભૂતો (પ્રાણીઓ કે અન્યમનુષ્ય) દ્વારા કરાયેલા રોગો. જેવા કે કુતરું કરડવું, વીછી કરડવો, માર મારવો કોઈને માનસિક ત્રાસ આપવો વ. દ્વારા જે રોગો ઉત્પન્ન કરાય તે રોગોને આધિભૌતિક કહેવાય છે.

आधिदैविकम 'दैवेपुऽधिकृत्य प्रवर्तते यद् तत ।

દૈવના અપરાધથી થનારા રોગોને આધિદૈવિક રોગ કહેવાય છે જેનો વિચાર માત્ર આયુર્વેદ શાસ્ત્રમાં કરવામાં આવ્યો છે.

પૂર્વજન્મનાં કરેલાં પાપોને દૈવ કે નસીબ કહેવામાં આવે છે. આના કારણે આ જન્મમાં જે રોગો રૂપી ફળ તેનું ભોગવવું પડે છે તેને આધિદૈવિક કહી શકાય છે. જેમકે બાળકનું જન્મતાની સાથે મુંગું કે ખોડખાપણવાળું કે કોઢવાળું કે બીજી કોઈ વિકૃતિવાળું જન્મવું, તેને પોતાના કરેલા કોઈ રોગના કારણનું ફળ નથી પરંતુ પૂર્વજન્મકૃત કર્મ કે તેના મા-બાપના કર્મોનું ફળ ગણી શકાય છે.

ઘણા રોગો એવા છે કે જેનું કારણ શોધી શકાણું નથી. જેને Unknown etiology માં ગણાય છે તેને આયુર્વેદ આમાં ગણેલા છે.

માતા-પિતાના અપરાધ કે કુકર્મો બાળકમાં કે વારસામાં પણ રોગ તરીકે ઉત્પન્ન થાય છે. ચરકે કહ્યું છે કેઃ-

निर्दिष्टं दैव संज्ञतु यत पूर्वे जन्म दैहिकम ।
हेतु स्तदपि कालेन रोगाणामुव लभ्यते ॥

આવા રોગો કર્મજ રોગ ગણાય છે, જેવી રીતે સમાજમાં કુકર્મો કે પાપકર્મથી અન્ય ફળ મળે છે તેવી જ રીતે રોગો પણ ઘણાં એવી રીતે થાય છે. માટે ઘણા રોગો એવા પણ છે કે જેની પુષ્કળ ચિકિત્સા કરવા છતાં પણ રોગો મટતા નથી તે કર્મનું ફળ છે.

આની ચિકિત્સા ( ટ્રીટમેન્ટ ) માં પણ પૈસો, કે દવા



માત્ર પર્યાપ્ત નથી પણ આધ્યાત્મિક વલણ, ઈશ્વિર શ્રદ્ધા, અન્ય પ્રાણી પર દયા. ધર્મનું વલણ વિ૦ જરૂરી બની રહે છે જે ચિકિત્સાને 'दैवव्यपाश्रयि' ચિકિત્સા કહી છે. કારણકે કહ્યું છે કે

'औषधी जाह्नवी तोयं वैद्यो नारायणो हरि ।'

અસાધ્ય ન મટે તેવા, કર્મદોષથી થયેલા કે તમામ રોગનું ગંગાજળ સમાન કોઈ ઔષધ નથી અને નારાયણ હરિ સમાન કોઈ મોટો વૈદ્ય કે ફીઝીશીયન નથી. આથી તેનું સ્મરણ કરતા રહેવું.

શાસ્ત્રમાં અસાધ્ય ઉપદ્રવવાળા અતિસાર નામના રોગમાં એક બહુ સરસ ચિકિત્સા સિદ્ધાંત આપેલ છે. કહ્યું છે કે જ્યારે કોઈ ઔષધ કામ ન કરે ત્યારે

'युवतोऽतिसारी स्मरतु प्रसक्य गोविन्द-दामोदर-माधवेति'

આ રીતે કર્મજ વ્યાધિઓ સદ્દકર્મથી સુધરે છે અને વારસાગત થતા રોગો પણ સદ્દકર્મથી અટકે છે, સદ્દકર્મોનું જેમ સારું ફળ હોય છે. તેવી જ રીતે રોગો પણ સદ્દકર્મોથી ઓછા થાય છે. અને થાય તો ખૂબ કષ્ટસાધ્ય નીવડતા નથી.

ઉદાહરણરૂપે ઘણાં રોગો જે ન મટ્યા હોય તેવા સાધુ કે મહાત્માના સ્પર્શથી કે આશિષથી મટ્યાના દાખલા છે. અસાધ્ય એવા રક્તપિતનાં દર્દીઓ રા'માંડલીક (રા'ગંગાજળીયો) ના સ્પર્શથી સાજા થતાં હતાં, કેટલાક ન ચાલતાં ન બોલતાં તેવાં ચાલતા કે બોલતા થયાના દાખલા છે. તેમાં કોઈ વિજ્ઞાન કે પદ્ધતિનું કામ નથી. પરંતુ માત્ર શ્રદ્ધા અને પવિત્રતાનું કામ છે. તે કોઇ અચિંત્ય શક્તિ કે પ્રભાવ છે. શ્રદ્ધા વિનાનાં

રોગીઓ ઠેરઠેર ભટકે પરંતુ સારાં થતાં નથી. શ્રદ્ધા અંદરથી ઉત્પન્ન થાય છે બહારથી મળતી નથી.

ટુંકમાં ચિકિત્સા પદ્ધતિમાં પણ દૈવબળ કામ કરે છે. આથી રોગીઓ પણ ચિકિત્સકો કે વૈદ્યો કે દાકતરો એ પણ યશ-પ્રાપ્તિ માટે એક સૂત્ર ઉપર પણ દવા વ. ની સાથોસાથ ભાર મૂકવો જોઈએ છે કે **'गोविन्द दामोदर माधवेति ।'**

કર્મ ખરાબ હોય તો મટે તેવા રોગોપણ કોઈથી મટી શકતા નથી. કારણકે દૈવ આડું હોય છે. અને કર્મો સારા હોય અને પરમાત્માની અસીમ કૃપા હોય તો મૃતપ્રાય થયેલ દરદીઓ પણ બેઠાં થઈ જાય છે.



# શ્રી સર્વેશ્વરીજી

(ભાઈલાલભાઈ છાટબાર)



પ્રાચીન કાળથી જ જ્યોતિર્ધર મહર્ષિઓની જેમ તપોજ્જવલા અને જ્ઞાનોજ્જવલા અનેક સન્નારીઓ ભારતના આધ્યાત્મિક વારસાને દેદીપ્યમાન કરતી રહી છે. તેઓ સૌ દીવાદાંડી રૂપ બની. સાધના પથ પર પ્રકાશ રેલાવી આ પાર્થિવ દેહમાં જ ગગનગામી કૈલાસશિખર શિવસ્થાન આવેલું છે, એવી પ્રતીતિ અન્ય અનુગામીઓને કરાવી રહેલ છે.

સત્યાશ્રયી અને સત્યશોધક સ્વનામધન્ય શ્રી સર્વેશ્વરીજી ભૂતકાલીન અને પ્રવર્તમાન જ્યોતિર્ધરોના અવિસ્મરણીય પ્રકાશપટ ઉપર પોતાનું ગૌરવપૂર્ણ સ્થાન પામેલ છે. સત્સંગ, સેવા અને પ્રભુભજન આ ત્રણેય લહાવા તેઓ જાણે કે જન્મ-જાત સંસ્કારથી પામેલ છે. પોતાની અંદર જ આવેલ આનંદના ધવલ કૈલાસ શિખર પર આસન્ન તેઓ દેખાય છે. નિરાધાર દશામાંથી જગદાધાર સુધી પહોંચવાનો મર્મ, સંપર્કમાં અવનાર સૌને તેઓ પળે પળે–નિજ જીવન દ્વારા–પ્રતિબોધિત કરતાં રહે છે.

## પારિવારિક ભૂમિકા

શ્રી સર્વેશ્વરીજીનો જન્મ સુરત જિલ્લાના કપૂરા ગામે એક ધર્મપ્રેમી જમીનદાર પરિવારમાં સં. ૨૦૦૦ના કાર્તિક વદી બીજ ને શનિવાર ( તા. ૧૩-૧૧-૧૯૪૩ ) ના રોજ થયેલ છે. તે પરિવાર વાડી-ખેતર અને આલીશાન મકાનની ગણનાપાત્ર સારી સ્થાવર સંપત્તિ ધરાવે છે.

શ્રી સર્વેશ્વરીજીના પ્રપિતામહ સત્સંગી હતા. તેઓને શ્રીમદ્ ભાગવતમાં અત્યંત રસ હતો. તેઓ પોતાની કૌટુમ્બિક જવાબદારી અને ખેતીની જવાબદારી પણ પ્રભુ પર છોડી દઈ, પોતાના સાધન-ભજનમાં જ મસ્ત રહેતા.

પ્રપિતામહ ભાગવત-જીવનપ્રેમી હતા તો પિતામહ તદ્દન ભલાભોળા સજ્જન હતા. તેઓને ભજનોનો બહુ ભારે શોખ હતો. પોતે ભજનો સુંદર રીતે ગાતા, અન્યને ગવરાવતા અને રસપૂર્વક સમજાવતા. તેઓ નિયમિત પ્રતિદિન સવારે પ્રાર્થના કરતા.

પિતામહ આમ ભજનાનંદી જીવ હતા તો પિતાજી ચુસ્ત આર્ય સમાજી છે. આર્યસમાજી હોવા છતાં તેઓ રામચરિતમાસના પ્રખર અભ્યાસી છે. હાલની એંશી વર્ષની મોટી માનસના પ્રખર ઉંમરે પણ પ્રતિ વર્ષે તેઓ રામાયણનું પારાયણ કરે છે. તુલસીકૃત રામચરિતમાનસની ચોપાઈઓ ગાવાનો, ગાતાં શીખવવાનો અને સમજાવવાનો તેઓને અદ્ભુત શોખ છે. અને તેમાં તેઓને ઊંડો રસ છે. ઘરમાં નિયમિત પ્રાર્થના થાય છે અને પ્રાર્થનાનો નિયમ તેઓએ પોતાના સંતાનોમાં શ્વાસ-પ્રશ્વાસ જેવો સહજ બનાવ્યો છે.



શ્રી સર્વેશ્વરીજીના પ્રભુમય જીવન અને પ્રભુમાર્ગના પ્રેરકબળ તેઓના પિતાજી જ છે.

ભક્ત માતાપિતાનું સાત્ત્વિક, ધર્મપરાયણ અને સાદું ગ્રામજીવન, શ્રી સર્વેશ્વરીજીના જીવનવિકાસ અને ઘડતરમાં મહત્ત્વનું પરિબળ છે. ભક્તકુટુમ્બમાં જન્મી શ્રી સર્વેશ્વરીજી ભક્ત પૂર્વજોનો પ્રકાશ-વારસો પામેલાં છે.

### શિક્ષણ

પ્રાથમિક, માધ્યમિક અને કોલેજની ઉજ્જવળ કારકિર્દીની સુંદર છાપ ઊભી કરી, શ્રી સર્વેશ્વરીજી લૌકિક દૃષ્ટિએ ડબલ ગ્રેજ્યુએટ થયાં. બી. એ. ની કક્ષાએ ' સુવર્ણ ચંદ્રક ' ( ગોલ્ડ-મેડલ ) અને ગુજરાતી વિષયમાં સર્વાધિક ગુણાંકની પ્રાપ્તિના કારણે ' ઉમાશંકર જોશી પારિતોષિક ' પણ તેઓએ મેળવ્યાં.

પારિવારિક પવિત્ર વાતાવરણ તથા માતાપિતાની વાત્સલ્ય-સભર પોષક પ્રેરણાએ તેઓના જીવનવિકાસમાં અતિ મહત્ત્વનો ફાળો આપ્યો. જન્મજાત ભક્તહૃદયની ભાવુકતાનો આ સમયગાળા દરમિયાન અત્યંત વિકાસ થયો. ભક્તિભાવ, સ્વાર્પણ, સેવાવૃત્તિ, વિદ્વત્તા, જ્ઞાન, વક્તૃત્વશક્તિ, હૃદયની નિર્મળતા, સરળ સાદું પવિત્ર જીવન વગેરે ઉચ્ચ સદ્‌ગુણ તેઓના જીવનના પ્રત્યેક અંશમાં પ્રત્યેક પળે વિચાર, વાણી અને વ્યવહારમાં અનુવાદિત થતા રહ્યા.

### વ્યાવસાયિક કારકિર્દીનો સમયગાળો અને સાધના

સુરતની શિક્ષણ સંસ્થા ' સાધના વિદ્યાભવન ' માં પાંચ વર્ષ સુધી મદદનીશ શિક્ષક તરીકે અને પછીના ચાર વર્ષ સુધી પ્રમુખ આચાર્યા ( પ્રિન્સિપાલ ) તરીકેના સેવાક્ષેત્રમાં,

સિત્તેર ભાઈબહેનોના સ્ટાફ અને બે હજાર વિદ્યાર્થી વચ્ચે નવ વર્ષ સુધી સેવા આપી તેઓએ ચંદનની સુવાસ ફેલાવી.

વ્યાવસાયિક કારકિર્દી દરમિયાન તેઓ ગીત-ભજન ગુંજતા રહ્યાં એટલું જ નહિ પણ આત્મસ્ફુરણા પ્રેરિત અનેક ગીત-ભજન ૧૯૭૩થી તેઓની કલમે ઊતરવા લાગ્યાં. તેઓ લગભગ એક દસકાથી રોજનીશી લખતાં રહ્યાં છે. સેવા-કારકિર્દી દરમિયાન સમય કાઢી તેઓ સુરતના રોજિન્દા જીવનની ઘટમાળથી દૂર ચાલી જતાં અને સાધનાના અનેકવિધ પાસાંઓને અપનાવી દિવસો સુધી સાધન-ભજનમાં ડૂબી જતાં. ઉનાળા-દિવાળીની લાંબી રજાઓમાં તેઓએ અનેક પ્રકારે ઘનિષ્ઠ સાધના કરી છે. હરિ ૐ આશ્રમ સંચાલિત જહાંગીરપુરા સુરતના મૌનમંદિરમાં લાંબી લાંબી મુદતો સુધી અનેકવાર બેસીને તેઓએ પ્રભુપ્રેમની મસ્તી આત્મસાત્ કરી છે.

બહિર્મુખ સંસારથી દૂર રહી, અંતર્મુખ બની 'સ્વ' ના બોધ માટે તેઓએ નિતાંત સુંદર સાધનામય જીવન ગાળ્યું છે. એકાંતિક સાધના, વ્રતતપ અને આત્મચિંતન તેઓનાં નિત્ય જીવનમાં વણાઈ ગયેલાં છે.

તેઓ કાવ્યગીત લખતાં નથી પણ જાણે કે સ્વયં સાધના કાવ્યરૂપે મુખરિત બની રહે છે. તેઓ ગીત ગાતાં નથી પણ જાણે કે સાધના સ્વયં શબ્દ અને સૂરની સરિતા બનીને વહે છે.

**પરમ પૂજ્યશ્રી યોગેશ્વરજીના સંપર્કની ભૂમિકા :**

મે–૧૯૭૩ માં પ. પૂ. શ્રી યોગેશ્વરજી સંચાલિત વડોદરાની સર્વપ્રથમ ધ્યાનસાધના શિબિર વખતે શ્રી સર્વેશ્વરીજીને પહેલી વાર જોવાનું બન્યું. પ. પૂ. શ્રી ઉપેન્દ્ર ભગવાનના મંદિરનો આગલો વિશાળ હોલ સવારે સાતથી નવ વાગ્યા



સુધી સમૂહધ્યાન અને આસન-પ્રાણાયામના પ્રશિક્ષણ માટે ઉપયોગમાં લેવાતો હતો. આ સભાગૃહમાં ડાબી બાજુના સ્તંભોની હારમાળામાં બરોબર વચ્ચેના સ્થંભ પાસે શ્રી સર્વેશ્વરીજી બેસતાં, કાળગંગા પર અડોલ આસન લગાવીને બેઠેલ કોઈ યોગિની સમાન તેઓ દેખાતાં હતાં.

સવારે છ થી રાતના નવ સુધીના શિબિરના કાર્યક્રમોમાં શ્રી સર્વેશ્વરીજી રસપૂર્વક ભાગ લેતાં. તેઓ સુરતના પંચાવન શિબિરાર્થી સાથે આવેલાં, પરન્તુ તેઓને મન તો ભલી પોતાની સાધના અને તે સિવાય બીજું કશું નહિ, એવું જોવા મળતું. ચેતના જાગી ઊઠી હોય અને દિવ્યાનંદની અનુભૂતિમાં વિચરણ થઈ રહ્યું હોય, એવું પળે પળે દેખાતું હતું.

પ. પૂ. શ્રી યોગેશ્વરજીના સુરતના પ્રવચનોમાં ૧૯૭૦થી તેઓ નિયમિત ઉપસ્થિત રહેતાં હતાં, એવું જાણેલું. ફોટોગ્રાફી તેઓનો એક પ્રિય વ્યાસંગ છે, એ તો પ્રત્યક્ષ નિહાળવા મળેલું.

વડોદરા પછી સુરત, નડિયાદ, ભાવનગર અને ભરૂચની શિબિરો ૧૯૭૪ થી ૧૯૭૭ના વર્ષોમાં થઈ, જે પ્રત્યેક શિબિરમાં શ્રી સર્વેશ્વરીજી ઉપસ્થિત રહેલ. તેઓના મધુર કંઠે ગવાતાં ગીતભજનોની મીઠાશના કારણે વડોદરાની શિબિરથી જ તેઓએ સાધકવૃંદમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરી લીધું.

(અનુસંધાન પાનું ૧૧)
એ પોતાના મહેમાન તરીકે સરભરા કરી શકતો. એનાથી એને ખૂબ પ્રસન્નતા થતી. તે પછીનાં વર્ષોમાં શ્રી રામકૃષ્ણદેવ અને એમના ભક્તો જ્યારે પણ કલકત્તા આવતા, ત્યારે બપોરનું ભોજન એને ત્યાં જ લેતા. વળી કોઈક કોઈક વાર તેઓ ધાર્મિક તહેવારોની ઉજવણી કે સાંજની બેઠકોના પ્રસંગોએ પણ એને ત્યાં જતા. આના પરિણામે શ્રી રામકૃષ્ણદેવની જરૂરિયાતો પૂરી કરનાર ભક્તો જેવા કે શ્રી મથુરબાબુ, શ્રી શંભુ મલિક અને સુરેન્દ્રનાથ મિત્રના સમુદાયમાં સામેલ થવાનું સૌભાગ્ય એને પ્રાપ્ત થયું.

શ્રી રામકૃષ્ણદેવ કહેતા કે બલરામને ત્યાંનું ભોજન ખરેખર પવિત્ર છે કારણ કે તેમના પરંપરપરાગત ઉપાસ્ય એવા પ્રભુને ધરાવેલો પ્રસાદ છે. આથી બલરામના ઘરનું ભોજન કરતાં મને ખૂબ આનંદ થાય છે ને તે મારા ગળામાં પોતાની મેળે જ ખૂબ સહેલાઈથી ઊતરી જાય છે.

આટલી બધી મહેમાનગતિની ઉદાત્ત ભાવના છતાં બલરામમાં રહેલ એક પ્રકારની કંજુસાઈની ક્ષતિ પ્રત્યે શ્રી રામકૃષ્ણદેવ મીઠી મજાક પણ કરી લેતા.

આ સંબંધે શ્રી રામકૃષ્ણ કથામૃતમાં શ્રી મહેન્દ્રનાથ ગુપ્તે લખ્યું છે કે બલરામ બોઝના ઘરે સંગીત મંડળી માટે પૂરતાં સંગીતના વાજિંત્રો ન હતાં. આથી શ્રી રામકૃષ્ણદેવ મજાકમાં કહેતા તમને ખબર છે ઉત્સવની ઉજવણી બલરામ કેવી રીતે કરે છે? એ પેલા લોભી બ્રાહ્મણ જેવો છે. એ ગાય રાખે છે, પરંતુ એની અપેક્ષા એવી છે કે ગાયે ઓછામાં ઓછું ખાવું, પરંતુ ભરપૂર દૂધ દેવું જોઈએ. એ પ્રમાણે



ભક્તોએ પોતાના ગીતો ગાવાનાં અને પોતાનાં જ તબલાં વગાડવાનાં આમાં જ બલરામની ઉત્સવની ઉજવણી પૂરી થઈ જાય. વળી ફરી કહેતા “એક દિવસ બલરામે કલકત્તાથી દક્ષિણેશ્વર જવાની મારા માટે ઘોડાગાડી કરી. ને ભાડું બાર આના નક્કી કર્યું.” આથી મેં કહ્યું: “માત્ર બાર આનામાં જ આ ઘોડાગાડીવાળો ઘોડો મને દક્ષિણેશ્વર સુધી લઈ જવાનો! “અરે બાર આના તો પૂરતા છે બલરામે કહ્યું. પરંતુ અમે દક્ષિણેશ્વર પહોંચીએ તે પહેલાં જ ઘોડાગાડીનું એક બાજુનું પૈડું નીકળી ગયું અને ઘોડો પણ જાણે કે આગળ વધવાની ના પાડતો હોય, એમ ઊભો રહી ગયો મારી ઘોડાગાડીવાળો ચાબૂક મારે ત્યારે ઘોડો માંડ ચાર ડગલાં ચાલે ને પછી ઊભો રહી જાય “આવી દશા એ બાર આનાવાળી ઘોડાગાડીએ મારી કરી”

આમ છતાં શ્રી રામકૃષ્ણદેવ કાયમ કહ્યા કરતા કે બલરામનો સ્વભાવ કેવો મજાનો છે! પ્રભુ પ્રત્યે એની કેવી અપૂર્વ ભક્તિ છે? રામકૃષ્ણ કથામૃતમાં શ્રી મહેન્દ્રનાથે નોંધ્યું છે કે જ્યારે બલરામને ત્યાં શ્રી રામકૃષ્ણદેવ ભક્તો સાથે જમવા બેસતા ત્યારે ખૂબ નમ્રભાવે પોતે જાણે એક નોકર ન હોય એ રીતે જોઈ રહેતા ને પ્રસન્નતા અનુભવતા. તે વખતે કોઈને ભાગ્યે જ ખ્યાલ આવે કે, એ તો ઘરનો માલિક છે! આવા નમ્ર ને ગુરુસેવા પરાયણ હતા શ્રી બલરામ બોઝ!

શ્રી ક્રિસ્ટોફર ઈશરવુડના
(“શ્રી રામકૃષ્ણ એન હીઝ
ડીસાઈપલ્સ” ના આધારે)

# જલારામ બાપા વિમાનમાં સ્વર્ગે સિધાવે છે.

શ્રી સૌભાગ્યચંદ રાજદેવ

ભક્તોને સાંસારિક જીવનમાં તેમની મશ્કરી કરવાવાળા તો હોય જ. ભગત નરસિંહ મહેતાની જુનાગઢમાં મશ્કરી થતી. તેમ વીરપુરમાં ટિલિયો લોહાણો બાપાની મશ્કરી કર્યા કરતો.

દુકાને બેસી ટિલિયો લોહાણો પરચુરણ ધંધો કરે અને જ્યારે જ્યારે બાપા મળે ત્યારે ત્યારે ટિલિયો કહેઃ–

'બાપા રામ રામ!'

બાપા કહે, 'ટિલિયા રામ રામ'

ટિલિયો કહે, 'કાં ભગત! રોજ ઠાકરની સેવા કરો છો, સાધુ સંતને જગાડો છો, તો વિમાન ક્યારે આવવાના છે?

બાપા કહે–'ટિલિયા! વિમાન આવશે ત્યારે કહીશ.'

'ભલે ભગત કહેજો એટલે તમે વિમાનમાં બેસી જાવ તો હું પણ આવું.'

આમ ટિલિયો રોજ બાપાને પુછ્યા કરે.

અને બાપા એક જ વાક્ય કહે–'વિમાન આવશે ત્યારે કહીશ.' તે ઉપરાંત ટિલિયો ગામમાં બીજાને પણ કહે–

'ભગત મજૂરી કરી સાધુડાને રોટલા ખવરાવે છે. આખો દિ 'ટોકરી' વગાડ્યા કરે એમ શું સ્વર્ગ મળતું હશે? ઢોંગ



કરે છે ભાઈઓ! ભગત તો ઢોંગી છે, કામી ખાવાની ત્રેવડ નથી.' એમ ગામમાં પણ કહ્યા કરે.

સંવત ૧૯૩૭ના મહા વદી ૯ મંગળવારે ટિલિયો રાતના ચાર વાગ્યે ઊઠ્યો અને દાતણ પાણી કરી ખંભે કોથળો નાખી હટાણું કરવા જેતપુર ગયો. વીરપુરથી જેતપુર આઠ માઈલ દૂર થાય અને દુકાને વેચવા પરચુરણ જે ચીજો જોઈએ તે બધી જેતપુરથી લાવે.

જેતપુર જઈ ટિલિયાએ ખજુર, ગોળ, દાળિયા, નાળિયેર, એમ પરચુરણ ખરીદી કરી વીરપુર આવવા માટે જેતપુરથી ઊપડ્યો.

જ્યાં વીરપુર ત્રણેક માઈલ છેટું રહ્યું હશે ત્યાં બાપા સુંદર રૂપાળા રથમાં બેસીને ટિલિયાને સામા મળ્યા.

ટિલિયો કહે–'બાપા! ભગત થઈને આ રજવાડામાં મોટા રાજા વાપરે એવા રથમાં બેસીને ક્યાં જાવ છો!'

'ક્યા રાજાએ આ રથ મોકલ્યો છે?'

બાપા કહે કે 'ટિલિયા આ રથ નથી વિમાન છે. મેં તને કહ્યું હતું–'વિમાનમાં જઈશ ત્યારે તને કહીશ.' તો મારું વચન પાળવા તારી સામે આવ્યો છું.

'નાખી દે કોથળો નીચે, અને ચડી બેસ આ વિમાનમાં. આ સાંભળી ટિલિયો ખડખડાટ હસ્યો અને બોલ્યો–'ભાઈ! આપ જ વિમાનમાં પધારો મારે નથી આવવું.'

'જો વિમાન ન જોયાં હોય તો!!!' એમ કહી ફરી ટિલિયો મશ્કરી કરવા લાગ્યો.

બાપાએ ફરી કહ્યું, 'ટિલિયા! આ મશ્કરી માનતો નહીં. પણ સાચી, વાત કરું છું. મેં તને કહ્યું હતું વિમાન આવશે

ત્યારે તને કહીશ.' તો આ તને કહેવા તારી સામે આવ્યો છું. માટે ફરી કહું છું–'નાખી દે કોથળો નીચે અને આવી જા.

ટિલિયો કહે, 'ના, ના, ભક્તરાજ, આપ પધારો, વિમાન કેવાં ને વાત કેવી? કો'ક દરબારે રથ તેડવા મોકલેલ હશે તો ભગત થઈને રથમાં બેસતાં શરમ નથી આવતી?' એમ કહેતો એ તો મંડ્યો ચાલવા.

ગામમાં આવી જ્યાં કોથળો ખભેથી ઊતારી દુકાનમાં બેઠો ત્યાં સ્મશાનેથી આભડીને માણસો જગ્યામાં આવ્યા.

ટિલિયો ઊભો થયો અને પૂછ્યું–'શું છે ભાઈઓ! કોણ મરી ગયું?

એકે કહ્યું–'ટિલિયા તું આજે ક્યાં ગયો હતો?'

'તને ખબર નથી! આજ જલારામ બાપા સ્વર્ગે સિધાવ્યા.

આ સાંભળી ટિલિયાને નવાઈ લાગી.

અને બોલ્યો–'હોય નહિ!'

બીજો કહે–'શું હોય નહિ. મુર્ખા! બાપા સ્વર્ગે સિધાવ્યા.

'ન હોય તો ખોટું કહેવાય?'

આ સાંભળી ટિલિયો માથા પછાડવા માંડ્યો અને બહુ બહુ આક્રંદ કરવા લાગ્યો.

બધાને નવાઇ લાગી કે–ટિલિયાને આજે શું થયું છે. જેણે આખી જીંદગી ભક્તની મશ્કરી જ કરી છે તે આમ પોકે પોક શા માટે રૂએ છે?

બધાએ ભેગા થઈને ટિલિયાને છાનો રાખ્યો અને પૂછ્યું 'ટિલિયા શું કરવા આટલું આક્રંદ કરે છે? વાત તો કર!



ટિલિયો કહે–'ભાઈઓ શું વાત કરું? જન્મ મરણનો ફેરો મટી જાત પણ મારા અભાગીઆના નસીબમાં ક્યાંથી હોય?

આ સાંભળી સૌને અચરજ થતી જોઈ ટિલિયાએ વાત કરી, 'ભાઈઓ હજુ કલાક પહેલાં જ બાપા મને શુશોભિત રથમાં સામા મળ્યા. મજાનો રથ હતો. બાપા તેમાં બેઠા હતા હું જેતપુરથી હટાણું કરીને આવતો હતો. બાપા રથમાં સામા મળ્યા. મને જોઈ બાપાએ રથ ઊભો રાખ્યો અને મને કહ્યું-'ટિલિયા! હાલ વિમાનમાં આવવું હોય તો!' મેં તો મશ્કરી માની.'

મને ફરીવાર બાપાએ કહ્યું–'ટિલિયા મશ્કરી માનતો નહિં સાચું કહું છું. આવી જા.' પણ મારા પાપિયાના કરમમાં ક્યાંથી હોય; આમ કહી પોકે પોક રોવા લાગ્યો.

બધાએ તેને આશ્વાસન આપી છાનો રાખ્યો અને સૌ ટિલિયાની વાત સાંભળી આશ્ચર્ય પામ્યા અને બધા અંતરથી બાપાને વંદન કરવા લાગ્યા.

અને ટિલિયો જીવ્યો ત્યાં સુધી જેતપુરની એપજ કરતો રહ્યો, અને કાંધેથી કોથળો ઊતર્યો જ નહિ.

## ઈશ્વર ઘટઘટમાં રહેલો છે.

ઈશ્વરને શોધવા માટે વનમાં શા માટે જાય છે? અસંગ, સર્વ-વ્યાપક, અને અલિપ્ત ઈશ્વર તારી પોતાની અંદર ઘટઘટમાં સમાયેલો છે. ત્યાં તેનું દર્શન કર ને ધન્ય બન.

–નાનકદેવ

# 'ભક્તિયોગ' શ્રી યોગેશ્વરજીનું પ્રવચન

સંકલન : નાનુરામ દુધરેજિયા

પોતાને જે બુદ્ધિમાન માને છે તેવા કેટલાય માણસોમાં અત્યારે એક ફેશન થઈ ગઇ છેઃ અમે ઈશ્વરમાં માનતા નથી, એમ કહે છે.

## સુપર હ્યુમન ફ્રોર્સ

પણ આજે તો સાયન્સ પણ આવી શક્તિમાં માનતું થયું છે વૈજ્ઞાનિકોએ અન્વેષણો, સંશોધનો કરીને સિદ્ધ કરવા માડયું છે કે એક શક્તિ છે, સુપર હ્યુમન ફોર્સ છે. માનવેત્તર શક્તિ છે, સત્તા છે અને તે શક્તિ ચૈતન્યમાન છે. એમ પણ વિજ્ઞાનીઓ કહે છે. 'ક્રીએટીવ એનરજી' કે જે શક્તિ સંસારની અંદર અને બહાર રહીને સમસ્ત સંસાર પર પોતાનું નિયંત્રણ કરે છે.

વૈજ્ઞાનિકો એવું પણ કહે છે કે, શરીર કેવળ જડ પદાર્થોને સંઘાત કે સમુદાય નથી. એ જડતત્ત્વને ક્રિયાશીલ બનાવનારું એક ચૈતન્યતત્ત્વ પણ શરીરની અંદર વિદ્યમાન છે, જેવી રીતે બ્રહ્માંડની અંદર વિદ્યમાન છે. એ તત્ત્વ જુદાજુદા પદાર્થોની અંદર તેમ જ બહાર પણ રહેલું છે. અને જેવી રીતે સુત્રધાર રૂપે સૃષ્ટિનું કાર્ય કરે છે તેવી રીતે શરીરની અંદર રહીને શરીરનું કાર્ય કરે છે. એને જ આપણે ઈશ્વર કહીએ છીએ.

## ઇશ ટુ ગવર્ન

'ઇશ'–ટુ ગવર્ન–શાસનકર્તા. જે સત્તા અથવા ચેતના શાસન કરતી હોય, જેના હાથમાં દોરી સંચારહોય–જીવનનો, શરીરનો,



બ્રહ્માંડનો; તેને આપણે ઈશ્વરનું નામ આપીએ છીએ. આમાં ઈશ્વરને માનવા ન માનવાની વાત જ નથી. આજે વિજ્ઞાન માની રહ્યું છે, આપણે આ જમાનામાં આ ન માનીએ, તો બુદ્ધિમાન કહેવાઈએ નહિ.

ભેદ કયાં આવે છે? જે લોકો એમ કહે છે કે અમે ઈશ્વરને માનતા નથી, તે વધારે ભાગે એમ કહેતા હોય છે કે, ઈશ્વર કયાંય બેઠા હોય–બંગલો બનાવીને ઉપર, અને ત્યાંથી કંઇ ઓર્ડીનેન્સીસ કાઢતા હોય એવું અમે માનતા નથી. પણ ચૈતન્ય સત્તા છે, ચેતના! નિરાકાર નિર્ગુણ પરબ્રહ્મ પરમાત્મા; તેની અંદર અમે માનીએ છીએ.

## સર્વશક્તિમાન

તો આપણે એમને પ્રશ્ન પૂછીએ કે, તમે જો એની અંદર માનતા હો તો એ અશક્ત છે, એવું માનો છો?

તરત એ લોકો કહે છેઃ અશક્ત કેવી રીતે હોય? શરીરની અંદર જે આટલી બધી આત્માની શક્તિ છે, શક્તિવિહીન કેવી રીતે હોય? એ અશક્ત નહિ પણ સશક્ત છે.

તો તરત જ આપણે કહીએ છીએ કે, સશક્ત–શક્તિથી સંપન્ન છે એમ માનો છો, કે સર્વશક્તિમાન છે, એમ માનો છો?

સર્વશક્તિમાન પણ હોઈ શકે. તો પછી આપણે તરત જ પૂછીએ કે જો તમે પરમાત્માને સર્વ શક્તિમાન સમજતા હો તો તે પરમાત્મા પ્રગટ ન થઈ શકે એમ માનો છો? જો પ્રગટ ન થઈ શકે એમ માનતા હો તો તમે પરમાત્માને સર્વ શક્તિમાન કેવી રીતે ગણો છો?

## લિમીટેશન્સ

તમે તો પરમાત્માની મર્યાદા બાંધી દીધી કે પરમાત્મા કેવળ નિરાકાર જ રહી શકે એને સાકાર થવું હોય તો પણ

ન થઈ શકે, તમે તો પરમાત્માની અંદર લિમીટેશન્સ બાંધી દીધાં–લક્ષ્મણ રેખાઓ બાંધી દીધી. અને બીજી તરફથી તમે એમ કહો છો કે પરમાત્મા સર્વ શક્તિમાન છે!

તો જે સર્વ શક્તિમાન હોય તે પોતે ધારે તે પ્રમાણે પ્રગટ થઈ શકે, એને પ્રગટવામાં કોઈપણ શક્તિ એની આડે આવી ન શકે. શા માટે પ્રગટે છે? શા માટે નથી પ્રગટતી? એ એની ઇચ્છાની વાત છે, પણ એણે જો પ્રગટવું હોય તો પ્રગટ થઈ શકે છે, આ તમારે સ્વીકારવું પડે.

## આવિર્ભાવ

કોઈપણ બુદ્ધિમાન માણસ લોજીકલી–તર્કબદ્ધ રીતે જો વિચાર કરે તો એને માનવું જ પડે કે, આ જે શક્તિ છે તે આવિર્ભાવ પામે, આવિર્ભાવ પામે એની અભિવ્યક્તિ પણ થાય, જો કોઇ 'આવિર્ભાવ પામે' એવી ઇચ્છાવાળો જીવ હોય તો તેને માટે અવિર્ભાવ પામે.

એને માટે માનવે મીરા બનવું પડે. એને માટે શબરી થઈ તપ કરવું પડે. એને માટે સંત શિરોમણી તુકારામ, સંત શિરોમણિ નરસિંહ મહેતા, રામકૃષ્ણ પરમહંસદેવ, ચૈતન્ય મહાપ્રભુ એમની પેઠે પ્રેમથી પરિપ્લાવિત પ્રાણથી એ પરમાત્માને પોકાર કરવો પડે છે.

આ જાતનો પોકાર, આ જાતનો પ્રેમ, આ જાતનો તલસાટ, આ પ્રકારની વ્યાકુલતા જો પરમાત્મા માટે, પરમાત્મા પરમ પ્રાપ્તવ્ય છે એમ સમજીને, માનીને, પરમાત્મા પરમ પ્રિય છે એવું માનીને કરવામાં આવે.તો પરમાત્મા નિરાકાર નિર્ગુણ હોય તોપણ પ્રગટ શા માટે ન થાય? જરૂર પ્રગટ થાય.

## પુકાર : પ્રભુ માટેનો

મીરાએ આવા જ પોકાર પાડ્યા હતા. ચૈતન્ય મહાપ્રભુ



અઢાર વર્ષ સુધી જગન્નાથ પુરીના મંદિરની બાજુમાં ઊભા રહીને જગન્નાથપુરીના શ્રીવિગ્રહને જોતાં જોતાં ચોધાર આંસુએ રડતા હતા. ભગવાનને વિનવતા હતા: પ્રભુ દર્શન આપો! પછી શા માટે દર્શન ન આપે? જે ઉત્કટતાથી પ્રભુની પ્રાર્થના કરે છે પ્રભુ તેમના ઉપર કૃપાનો વરસાદ વરસાવે છે, પ્રભુ એમને સર્વ પ્રકારે મદદ કરે છે.

પરંતુ જીવની અંદર તેવો પ્રેમ જોઈએ, જીવની અંદર તેવા સમર્પણની ભાવના જોઈએ, વૃત્તિ જોઈએ, તો જે પરમાત્મા નિર્ગુણ નિરાકાર અજન્મા છે, તે પરમાત્મા ભક્તની ભાવનાને પૂર્ણ કરવા સંતોષવા માટે પ્રયત્ક્ષ બની જાય છે. જેમ પ્રહ્લાદજી માટે સ્તંભમાંથી પણ પ્રગટ થઈ ગયા ભગવાન નૃસિંહ, તેવી રીતે પ્રગટ થાય છે. ગીતામાં કહેલું છે:

અજોઽપિ સન્નવ્યયાત્મા ભૂતાનામીશ્વરોઽપિ સન્
પ્રકૃતિં સ્વામધિષ્ઠાય સંભવામ્યાત્મમાયયા.

## સર્વ ભાવ

મારી પોતાની શક્તિથી સંભવામિ–પ્રત્યક્ષ બનું છું, પ્રગટ થાઉં છું. પણ માનવે એને માટે સર્વ ભાવે, સર્વ પ્રકારે પરમાત્માને ચાહતા અને ભજતાં શીખવું જોઈએ. સર્વ ભાવે! જાણે પરમાત્મા જ પોતાના પરમપ્રિય છે, તેનાથી કોઈ પરમપ્રિય છેજ નહિ. આ પ્રકારની ભાવના માનવીની અંદર થઈ જવી જોઈએ.

અને એ ભાવનાની જ્યોતિને જીવનમાં જાગ્રત કરીને અખંડ રીતે એણે પરમાત્માનું સ્મરણ, મનન, અનુસંધાન, નિદિધ્યાસન બને તેટલું વધારે ને વધારે પ્રમાણમાં કરવું જોઈએ. કેવળ બુદ્ધિથી તો પરમાત્માને સંપૂર્ણપણે સમજી નહિ શકાય. કદાચ સુક્ષ્મ બુદ્ધિ હોય અને સમજી શકાય તો પણ અનુભવી તો નહિ જ શકાય.

## પ્રેમ

કઠ ઉપનિષદમાં નચિકેતાને યમે કહ્યું : સુસૂક્ષ્મ તર્કદ્વારા,
ચિંતન મનનની શક્તિ દ્વારા, પરમાત્માનો પરિચય નહિ થઈ
શકે, પરમાત્માના દર્શન નહિ થઈ શકે, પરમાત્માનું દર્શન
તો પ્રેમ દ્વારા થઈ શકે, ઉત્કટ ઇચ્છા દ્વારા, લાગણી દ્વારા
જ થઈ શકે.

આવો પ્રેમ કોઈપણ સ્વરૂપમાં થઇ જાય. સદ્ગુરુમાં, ભગ-
વાનના કૃપાપાત્ર સંતમાં, મહા પુરુષમાં, અવતારી પુરુષમાં
નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મ પરમાત્મામાં થઈ જાય તો એ પ્રેમ
માનવને માટે આશીર્વાદરૂપ બને કલ્યાણકારક થાય અને એ
પ્રેમના માધ્યમ દ્વારા માણુસ પરમાત્માની પાસે પહોંચી શકે.
એના જીવનમાં પછી એક જ લક્ષ રહે છેઃ મારે પરમાત્માની
કૃપા પ્રાપ્ત કરવી જ છે– બીજુ કંઇ કરવું નથી.

" જીવનમાં ભૌતિક સંપત્તિ ગમે તેટલી હોય, પરંતુ જ્યાં
સુધી આત્મિક સુખ માટેની ભુખ નથી જાગતી, ત્યાં સુધી
સાચા, સુખ કે શાંતિનો અનુભવ નથી થતો. "

-શ્રી યોગેશ્વરજી

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઈ કનેરીયા
ઓઈલ એન્જીનના ઉત્પાદકો
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧
ફોન નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૬૯૧૭

## પ. પૂ. માતાજી શ્રી જ્યોતિર્મયીને શ્રદ્ધાંજલિ

—તંત્રી

પરમ પૂ. પ્રાતઃસ્મરણીય મહાત્મા શ્રી યોગેશ્વરજીનાં
માતાજી પૂ. શ્રી જ્યોતિર્મયીનો સ્વર્ગવાસ તા. ૪-૧૦-૮૦
શનિવાર ભાદરવા વદી ૧૧ ના રોજ ભાવનગરની સિવિલ હોસ્પી-
ટલમાં થયો. માતાજી શ્રી જ્યોતિર્મયીની જીવન જ્યોત પરમ
જ્યોતમાં વિલિન થઈ ગઈ. એક મહાન સંતપુરુષના જીવનની
કઠોર તપસ્યાનાં પ્રત્યક્ષ સાક્ષી, અને સમજપૂર્વક સાથે રહી
સહકાર આપનાર માતાનો પાર્થિવ દેહ ભાવનગરના આંગણે
તા ૫-૧૦-૮૦ ના રોજ અગ્નિસંસ્કાર પામ્યો ત્યારે " જય
જય શ્રી જ્યોતિર્મયી માત, ધન્ય ધન્ય હે તપસ્વિની માત '
ની ધૂનથી સારું ય વાતાવરણ મધુર કરૂણાર્દ્ર સ્વરોથી ભરાઈ
ગયું હતું. આ કોઈ સંસારી જીવની અંતિમયાત્રા ન હતી.
પરંતુ સંસારમાં રહ્યા છતાં સંસારથી મોહમાયા ને મમતાથી
સંપૂર્ણ અલિપ્ત એવાં નિરાસક્ત ' મા 'ની આખરી વિદાય હતી.

જીવનની હર ક્ષણને એના યોગ્ય સંદર્ભમાં સમજપૂર્વક
જીવી જાણનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી પણ માતાજીની આ
પરમ યાત્રા પ્રસંગમાં શ્રી સર્વેશ્વરી સાથે જોડાયા હતા. તેમના
બહેન તારાબેન પણ પોતાના પુત્રો અને પતિસાથે સ્મશાન
ભૂમિ ઉપર હાજર રહ્યાં હતાં, ને માતાજીના પાર્થિવ દેહનો
અગ્નિસંસ્કાર કરી અંજલિ અર્પી હતી.

વડોદરા, અમદાવાદ, રાજકોટ, મોરબી ને ભાવનગરના
સાધકભાઈ બહેનો પણ પૂ. માતાજીની આ અંતિમયાત્રામાં
જોડાયા હતા. ને પૂજ્ય માતાજીના પાર્થિવ દેહને પુષ્પમાળા-
ઓથી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપી હતી.

પૂજ્ય શ્રી, પરમ પૂ. માતાજીને જગદંબા સ્વરૂપ જ માનતા
અને એથી જ કહેતા, " પૂ. માતાજીનો આત્મા તો એ પરમ

ચેતનામાં ભળી ગયો.”

બસ. એમની જીવનલીલા પૂરી થઈ. આપણી વચ્ચે પ્રેમપૂર્વક હસતાં ફરતાં માતાજી હવે સ્મૃતિશેષ બની ગયાં!

એમનું સરલ, તપસ્વી, ત્યાગી જીવન આપણ સહુ માટે પ્રેરણારૂપ બની રહો—એ જ એમને માટેની સાચી શ્રદ્ધાંજલિ. બિન્દુઓ જેવા આપણે એ સિન્ધુસ્વરૂપ માતાજીને શું અંજલિ આપીએ?

છતાં “એમનો આત્મા પરમ શાન્તિ પામો” એવી અંતરની પ્રાર્થના અભિવ્યક્ત કર્યા સિવાય કેમ રહી શકીએ?

## દેવદત્ત

શ્રી દીપકભાઈ મહેતા.

**૫** ઓક્ટોબર, રવિવારની સવારનાં રવિકિરણોના પુનિતપ્રકાશમાં માતાજીની સ્મશાનયાત્રા શરૂ થવાની પળ આવી પહોંચી હતી, ખુલ્લી ગાડીમાં મૂકેલી પાટ પર ફૂલોના હારથી ઢંકાયેલો માતાજીનો નશ્વર દેહ મુકાયો.

ગાડીની આસપાસ ચારેતરફ ‘શ્રી રામ જય રામ, જય જય રામ’ ની ધૂન રટતા સહુ ઊભા હતા.

અચાનક મારા કાને શબ્દો ઝિલાયા. ગાડી પર ચઢી માતાજીના મસ્તકપાસે ઊભા રહી ભાવવિભોર કંઠે યોગેશ્વરજી કોઈને કહી રહ્યા હતા: “કશો યે ફેર પડ્યો નથી. જાણે હમણાં જ વિદાય થયાં હોય તેવી દીપ્તિ ચહેરા પર છે. શરીરના બધા જ અવયવો એવા ને એવા જ હલાવી શકાય છે. દેહાવસાનને ચોવીસ કલાક થવા આવ્યા છે એની કોઈ અસર જ દેખાતી નથી.”

સહસા મારી નજર એ પરમ માતૃભક્ત ઉદ્‌ગાતાના ચહેરા પરથી ખસીને વાહન પર લખાયેલા નામ પર પડી.

એ નામ હતું “દેવદત્ત ટ્રાન્સપોર્ટ”

ખરેખર આ દેહ પણ સંસારયાત્રા કરવા મળેલું ‘દેવદત્ત’ વાહન જ છે ને! માતાજી આ વાહન છોડી બીજા કોઈ સૂક્ષ્મ ‘દેવદત્ત ટ્રાન્સપોર્ટ’ માં બેસી પહોંચી ગયાં હશે, દેવોની પાસે.

૧. શ્રી બાબુભાઈ વહોરા.
૩૧. ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ–૯.

૨. શ્રી યોગેશ્વર સત્સંગ મંડળ
C/o. શ્રી ઈશ્વરભાઈ એમ. શાહ, એ–૪ વિહાર કુંજ સોસાયટી. રણમુક્તેશ્વર મહાદેવ પાસે, વડોદરા–૪.

૩. પ્રો. ટી. જી. ભટ્ટ
૪૪. નંદનવન સોસાયટી, ઘોડદોડ રોડ, સુરત–૧.

૪ શ્રી શાન્તિભાઈ કનેરિયા
કનેરિયા એન્જીનિયરીંગ વર્કસ, ઢેબર રોડ, રાજકોટ–૧.

૫ શ્રી હરિભાઈ ભોજાણી
ગેસ્ટ હાઉસ રોડ, મોરબી–૩૬૩ ૬૪૧

૬. શ્રી ચંદ્રકાન્તભાઈ પંડ્યા
શિક્ષક, ખીરસરા

૭. શ્રી જે. વી. શાહ C/o. એસ. વી. એન્ટરપ્રાઈઝ
૨૦૩, શારદા ચેમ્બર્સ. બીજે માળે, ૧૫, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ–૪૦૦૦ ૨૦

૮. શ્રી વિશ્વનાથ મૂ. જાની
૮૧. બાણગંગા રોડ, મઠની બાજુમાં, વાલકેશ્વર, મુંબઈ–૬.

૯. શ્રી હરગોવિંદભાઈ ભટ્ટ
C/o. મેસર્સ વલિયા બ્રધર્સ પ્રા. લિ. ૮૯, મેડોઝ સ્ટ્રીટ, અરારત, ત્રીજે માળે, મુંબઈ–૨૩.

૧૦. શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર
C/o. વિજયકુમાર પુરોહિત, સરકારી વસાહતની પાછળ, અંબિકા સોસાયટીની બાજુમાં, બેચરપુરા, પાલનપુર.

૧૧. શ્રી ભાઈલાલભાઈ છાટબાર
કૃષ્ણકુંજ, દાદા સાહેબ સામે, કાળાનાળા, ભાવનગર.

# આરાધના

મારી પ્રત્યેક પ્રવૃત્તિ તમારી પૂજા છે, મારા પરમ પ્રભુ!
એવી, સાંગોપાંગ સમજથી મારે ફાળે આવે છે તે પ્રત્યેક પ્રવૃત્તિ કર્યા કરું છું.

કોઈ પ્રવૃત્તિ મારે મન નાની નથી ને કોઈ મોટી નથી.
કોઈ સાધારણ નથી અને કોઈ અસાધારણ.
કોઈ મહામૂલ્યવાન નથી ને કોઈ મૂલ્ય વગરની.
કોઈ સાર્થક નથી ને કોઈ નિરર્થક.

પારસનો પવિત્ર સ્પર્શ પામીને લોઢાનું સોનું થાય છે તેમ મારી પ્રત્યેક વૃત્તિ ને પ્રવૃત્તિ તમારા સ્નેહાળ સુખસભર સ્પર્શે પાવન થાય છે.

અને સૂર્યનાં કોમળ કિરણોથી પુષ્પો ને પદ્મો પોતાની પાંખડીને પ્રસન્નતાપૂર્વક પ્રકટાવી દે છે;

તેમ તમારા કૃપાકિરણથી મારું સર્વ કાંઈ પ્રાણનું પ્રત્યેક પરમાણુ પુલકિત કે પ્રસન્ન બનીને, પ્રત્યેક પળે પ્રકાશી ઊઠે છે.
પ્રત્યેક પળે અને હરેક સ્થળે આપણું અનુસંધાન ચાલુ રહે છે.

તમે પ્રેરો છો તે પથ પર પ્રયાણ કરું છું. તમે પસંદ કરો છો તે પ્રવૃત્તિના પાવન પિયુષથી તમારો અભિષેક કરું છું

એટલા માટે જ તમારી પ્રસાદીની પ્રાપ્તિ માટે મારે કોઈ બીજી સાધનાની આવશ્યકતા નથી રહી.

પ્રત્યેક પળ, વિપળ, વૃત્તિ, પ્રવૃત્તિ, ને સમસ્ત જીવન તમારી અનવરત અક્ષય આરાધના છે; પૂજા છે.